


નિત્ય નિયમાવલી

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત.



વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

નિત્ય નિયમાવલી

:: પ્રેરક ::

પ.પૂ. સદ્‌ગુરુ શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

(વેડરોડ, સુરત)

-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મંદિર,
વેડ રોડ, સુરત - ૪




પંચમ આવૃત્તિ : સંવત ૨૦૭૫, શ્રાવણ વદ - ૮ (જન્માષ્ટમી)
તા. ૨૪/૮/૨૦૧૯, શનિવાર

પ્રત : ૧૦,૦૦૦

કુલ પ્રત : ૨૩,૦૦૦

કિંમત : રૂ. ૧૫/-



-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ,
સહજાનંદ ચોક,
(ડભોલી ચાર રસ્તા)
સુરત - ૪
મો. ૯૬૦૧૨ ૯૧૬૦૪

નમ્ર નિવેદન

કલૌ કેશવ કીર્તનાત્ - કળિયુગમાં કીર્તન ભક્તિનું મહત્ત્વ સર્વ શાસ્ત્રમાં લખેલું છે. શ્રીહરિની મૂર્તિના, ચરિત્ર આદિકના કીર્તન કરવાથી મનુષ્યના ત્રણે તાપનું શમન થાય છે.

શ્રીહરિના કીર્તન, ચેષ્ટાના પદો અને વંદુના પદોનું નિત્ય ગાન કરવાથી જીવાત્માનું અધોમુખ કમળ ઉર્ધ્વમુખ થાય છે. અને અંતે જીવાત્મા શ્રીહરિના ધામને પામે છે. આ "નિત્ય નિયમાવલી" દેખાવમાં નાની છે. પણ આબાલ-વૃદ્ધને અતિ ઉપયોગી થશે.

શ્રી સ્વા.મંદિર વેડરોડ, સુરત દ્વારા સાહિત્ય સેવાના ક્ષેત્રે આ "નિત્ય નિયમાવલી"ની પંચમ આવૃત્તિ સત્સંગ સમાજના કરકમળમાં મૂકીએ છીએ. આ નિયમોને કંઠસ્થ કરી નિત્ય ગાન કરી શ્રીહરિ અને સંતોનો અઢળક રાજીપો મેળવીએ એવી અત્યર્થના સહ જય સ્વામિનારાયણ....

લી. સ્વામી પ્રભુચરણદાસના
જય શ્રી સ્વામિનારાયણ...

અનુક્રમણિકા

❁ પ્રભાતિયા ❁

પ્રાતઃ સમે શ્રી સહ....૧
કીજીએ ધ્યાન(૮-પદ)..૨
છાંડી કે શ્રીઘનશ્યામ..૧૦
હમ તો એક સહજા...૧૦
શ્યામસુંદર તમે કેમ...૧૧
વેલેરી ઉઠીને વાલા...૧૨
નાથ રહો મારા.....૧૩
અધમ ઉદ્ધારણ.....૧૩
સહજાનંદ સુજાન.....૧૫
સુતાં ઊઠી રે સમરું...૧૫
મહી માખણ માગે....૧૬

❁ સંધ્યા નિયમ ❁

✡ ગોડી ✡

સંત સમાગમ કીજે....૧૭
સંત પરમ હિતકારી...૧૭
હરિ ભજતાં સુખ.....૧૮
યુંહી જન્મ ગુમાત.....૧૯
શ્યામની છબી રે.....૧૯
ફૂલની માળા રે.....૨૦
લગની લાગી રે.....૨૦
ગિરધારી રે સખી.....૨૧
સુખ પામી રે.....૨૨
છેલ છોગાળો રે.....૨૨
જીવનજી જોવા રે.....૨૩
નારાયણ સુખકારી.....૨૪

✡ આરતી-સ્તુતિ ✡

જય સદગુરુ(આરતી)...૨૫
રામ કૃષ્ણ ગોવિંદ.....૨૬
નવીનજીમૂત સમાન....૨૭
નિર્વિકલ્પ ઉત્તમ.....૨૮
વિશ્વેશ છો સકળ.....૩૦

✡ સ્તોત્ર ✡

વિહરતિ (સોમવાર).....૩૨
મુક્તાનાં (મંગળવાર).....૩૪
વદનતર્જિત (બુધવાર).....૩૬
શ્રીવાસુદેવ (ગુરુવાર).....૩૮
અથૈકદા (શુક્રવાર).....૪૧

અનુક્રમણિકા

અતિમનોહરં (શનિવાર).૪૩
માનસચિન્તય (રવિવાર).૪૪
ભવસંભવ (એકાદશી)...૪૫

✡ દેવની આરતી ✡

ગણપતિજીની આરતી..૪૭
હનુમાનજીની આરતી..૪૮
શ્રી હનુમત્સ્તોત્રમ્.....૪૮

✡ થાળ ✡

જમો થાળ જીવન....૫૧
રૂડી રાંધી મેં રસિયા...૫૨
તમે જમો જમોને.....૫૨
લેતા જાઓ રે સાવ..૫૩

❁ ચેષ્ટા નિયમ ❁

પ્રથમ શ્રીહરિને રે....૫૪
ઓરા આવો શ્યામ...૬૬
હવે મારા વા'લાને...૬૭
હવે મારા વહાલાનાં..૬૮
વંદુ સહજાનંદ.....૬૯
રે શ્યામ તમે સાચું...૭૭
અક્ષરના વાસી.....૭૮
પોઢે પ્રભુ સકળ.....૭૮
પોઢો પોઢો સહજાનંદ..૭૯

❁ કીર્તન ❁

આજ સખી આનંદની..૮૦
મહેર કરી મારે.....૮૦
પૂર્વનું પુણ્ય પ્રગટ.....૮૧
શિર પર કેશ શોભે....૮૨
જોઈ મૂરતિ મનોહર...૮૩
તારી લાવણ્યમાં.....૮૩
તારી મૂરતિ લાગે.....૮૪
કીનખાપની ડગલી.....૮૫
સોનેરી મોળિયું.....૮૫
ધર્મકુંવર હરિકૃષ્ણ.....૮૬
શોભે શોભે રસિક.....૮૭
તારે ચટક રંગીલો.....૮૮
વાલા મારી સુધ.....૮૮
પ્યારા તારી પ્યારી.....૮૯
તારા મુખની લાવણ...૯૦
ઓરા આવો મારા.....૯૧

અનુક્રમણિકા

વા'લું લાગે મને.....૯૧
રૂડા લાગો છો.....૯૨
તારી મૂરતિ રે.....૯૩
તારુ છોગું આવીને...૯૩
મારા કેસરિયા વર...૯૪
અમરના સરદાર.....૯૫
મારા નેણા તણા.....૯૬
નેણામાં રાખું રે.....૯૬
માવા તારી મૂર્તિમાં..૯૭
રાજ મારે મંદિરિયે...૯૮
હાંરે હરિકૃષ્ણ હૈયા...૯૮
મારે લગની લાગી...૯૯
હરિવર હીરલો રે...૧૦૦
મને પ્યારી લાગે....૧૦૦
ઓરા આવો મારા..૧૦૧

❀ એકાદશીના પદ ❀

ઉત્સવની પ્યારી.....૧૦૨
હરખ અતિ ભેટ્યા..૧૦૨
કોડે કોડે એકાદશી..૧૦૩

❀ અન્ય પદ ❀

આજ મારે ઓરડે રે..૧૦૪
સજની સાંભળો રે....૧૦૫
બોલ્યા શ્રીહરિ રે.....૧૦૬
વળી સહુ સાંભળો રે...૧૦૭
સર્વે સખી જીવન.....૧૦૮
જુવો છબી શ્યામ.....૧૦૯
મૂર્તિ ચંચળ જુઓ....૧૧૦
ઘેરે ચાલી આવ્યા....૧૧૦
મારા વાલાજી શું.....૧૧૧
મારા હરજી શું હેત..૧૧૨
શોભા શી (૬-પદ)..૧૧૪
મહામંત્રનો મહિમા...૧૨૦
સ્વામિનારાયણ નામ..૧૨૨
નમન હું કરું.....૧૨૩
ફગવા 'મહાબળવંત'..૧૨૪
પ્રભુ ઈશના ઈશ.....૧૨૭
જનમંગલ સ્તોત્ર.....૧૨૯
જનમંગલ નામાવલી..૧૩૩

પ્રભાતિયા

રાગ : ભૈરવી (પ્રભાતિ)

પ્રાતઃ સમે શ્રી સહજાનંદની, મૂરતિ મનમાં ધારું રે..ટેક
નખશિખ નીરખી રૂપ અનુપમ,
અંતરમાં ઊતારું રે...પ્રાત૰ ૧

રૂપાળાં બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પુષ્ટ તરુણ તન ભીને વાને,
હંસગતિ ચિત્ત ચોરે રે...પ્રાત૰ ૨

અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પતણાં આભૂષણ જોઈ જોઈ,
ભક્તતણાં મન લોભે રે...પ્રાત૰ ૩

મેઘ સરીખે રે ઘેરે સાદે, બોલતાં બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા,
પ્રેમાનંદના સ્વામી રે...પ્રાત૰ ૪

❋ કીજીએ ધ્યાનના પદ ❋

કીજીએ ધ્યાન શ્રી ધર્મના કુંવરનું,
સર્વ પે'લા ઊઠી પ્રાતઃકાળે;
નીરખીએ રૂપ નખશીખ મહારાજનું,
વાસના અશુભ તત્કાળ ટાળે..૧
સંત હરિભક્ત સૌ ઊંઘ આળસ તજી,
ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી;
નીરખીએ નખમણિ સીમા શોભા તણી,
દુર્લભ દેવને એમ જાણી..૨
જમણા તે ચરણના અંગૂઠા ઉપરે,
નખમાંહી ચિહ્ન તે જોઈ રે'વું;
ચિહ્ન પર રક્ત રેખા અતિ શોભતી,
મન તેમાં લઈ પ્રોઈ દેવું..૩
અંગુઠા આંગળીયો ઉપર કેશ છે,
સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીનાં;
અંગુઠા પાસની આંગળીએ તિલ છે,
પ્રેમાનંદની જોયેલ આંખડીના..૪

પદ - ૨

મંગળ મૂળ મહારાજનાં ચરણ છે,
ચિંતવતાં ચિત્તમાં શાંતિ થાયે;
કામ ને ક્રોધ મદ લોભ વ્યાપે નહિ,
ઉર થકી સર્વ અજ્ઞાન જાયે..૧
જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે,
નામ તેનાં હવે કહું વિચારી;
સ્વસ્તિક જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ,
અષ્ટકોણ વજ્ર ઊર્ધ્વરેખા પ્યારી..૨
નવ ચિહ્ન ધારવાં જમણા તે ચરણમાં,
વામ પદમાં બીજાં સાત શોભે;
મીન ત્રિકોણ ને વ્યોમ ગોપદ કળશ,
અર્ધચંદ્ર ધનુષ ચિત્ત લોભે..૩
જમણાં તે ચરણની આંગળી છેલ્લીએ,
તિલ એક અનુપમ આનંદકારી;
પાનિયું સુંદર ઘૂંટી પિંડી પર,
પ્રેમાનંદ તન મન જાય વારી..૪

પદ - ૩

નીરખતાં નાથની જાનુ છબી જીવમાં,
સુખ થાયે દુઃખ સૌ દૂર વામે;
જમણા સાથળ વિષે ચિહ્ન એક અનુપમ,
નીરખતા ભક્તમન મોદ પામે..૧
કેળનાં સ્થંભ જેવા સાથળ સુંદર,
ગરુડની પીઠ પાવનકારી;
કટિતટ પીત પટ કસ્યો કરુણાનિધિ,
શ્યામ શોભા કટિ લાગે પ્યારી..૨
નલિની સમ નાભી પર ત્રિવળી છબી ઉદરમાં,
ઉન્નત ઉરમાંહી કેશ સોહે;
બે સ્તન શ્યામ પર છાપનાં ચિહ્ન છે,
તિલ એક ઉર વિષે ચિત્ત મોહે..૩
ઉર વિષે કૌસ્તુભ શ્રીવત્સ ચિહ્ન છે,
વિનગુણ હારની શોભા સારી;
દક્ષિણ બાહુને નિકટ તિલ ચાર છે,
પ્રેમાનંદ જોઈ જોઈ જાય વારી..૪

પદ - ૪

અશરણ શરણ ભુજદંડ મહારાજના,
ચિહ્ન તેમાં હવે કહું વખાણી;
ભુજમાં છાપનાં ચિહ્ન છે સુંદર,
કોણીયું શ્યામ સુખધામ વાણી..૧
પોંચાથી ઉપર છાપનાં ચિહ્ન છે,
કાંડાં છે કઠણ બળવાન ભારી;
કરભ પર કેશ છે હથેળી રાતીયો,
શ્યામ રેખા તેમાં ન્યારી ન્યારી..૨
રાતી છે આંગળીયું રાતા છે નખમણિ,
ઉપડતા તીખા તે જોયા જેવા;
એવા જે કરવર ધરત જન શિરપર,
આતુર અભય વરદાન દેવા..૩
જાનુ પર્યંત ભુજ સરસ ગજસુંઢથી,
ભક્તને ભેટવા ઊભા થાયે;
એવા ઘનશ્યામની ભુજ છબી ઉપરે,
પ્રેમાનંદ તન મન વારી જાયે..૪

પદ - ૫

ચિંતવીએ ચિહ્ન મહારાજના અંગમાં,
ભક્તજન ભાવશું વારવાર;
વામ ભાગે વળી કંઠ ને ભુજ વચ્ચે,
ચૌદ તિલ સૂક્ષ્મ સરસ સાર..૧
ડાબે પડખે વળી નવ તિલ નૌતમ,
ત્રણ તિલ કાખમાં કહું છું જોઈ;
એક તિલ અનુપમ કંબુ કંઠને વચ્ચે,
નીરખતાં ભક્ત મન રે'છે મોઈ..૨
ચિબુક ને અધર પર કેશ રેખા છબી,
અધર પ્રવાળ જોઈ ચિત્ત લોભે;
કુંદની કળી સમ દીપે દશનાવલી,
કનકની રેખ માંહી સરસ શોભે..૩
દાઢમાં ચિહ્ન છે શ્યામ સોયામણું,
મંદ મુખહાસ જોઈ લાજે કામ;
ઘેરે સાદે કરી બોલતા વચન હરિ,
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ..૪

પદ - ૬

વારી જાઉં વારણે વદન શશી ઉપરે,
નીરખતાં નેણ નથી તૃપ્ત થાતાં;
અમૃત વૃષ્ટિ કરે તાપ તનના હરે;
'હરે હરે' કહી હરિ છીંક ખાતાં..૧
શોભા તે શી કહું નાસિકા શુક તણી,
ગોળ કપોળ બહુ લાગે રૂડાં;
નાસિકા ઉપર શીળીના ચિહ્ન છે;
ચિંતવતા ઘાટ નવ થાય કુડાં..૨
જમણા કપોળમાં મોટો એક તિલ છે,
તિલ એક મોટો છે ડાબે કાને;
જે જન નિરખીને ધારી લે ચિત્તમાં,
તે નવ પડે માયા કાળ પાને..૩
કાન વીંધ્યાં તેના ચિહ્ન છે સુંદર,
ચંચળ દગમાંહી રેખા રાતી;
પ્રેમાનંદ મીન અલી ખંજન વારું લઈ,
ઉપમા દેવા નથી બુદ્ધિ થાતી..૪

પદ - ૭

ભક્ત મનરંજન ભ્રકુટી ઘનશ્યામની,
કામીની જોઈ તુરત થાય ઘેલી;
ભ્રકુટીને હેઠે ને નેત્રની ઉપરે,
રેખા ઊઠે અતિ રસ ભરેલી..૧
ભાલ વિશાળમાં પંચરેખા ઊઠે,
ઊભી છે બે ને ત્રણ ચંદ્રાકારે;
જમણી કોરે એક ચિહ્ન છે ભાલમાં,
ભક્તજન નીરખે તે વારે વારે..૨
સુંદર મસ્તક શ્રી મહારાજનું,
શિખા સુંદર જેમાં જોઈ જ રહીએ;
ત્રણ તિલ છે વળી શિખાને પાસળે,
જમણે ભાગે તેને ધારી લઈએ..૩
મોટો એક તિલ છે વામ વાંસામાંહીં,
મોટો એક કેશ છે તેની પાસે;
જમણા વાંસામાંહી આઘો એક તીલ છે,
પ્રેમાનંદ નીરખતાં દુઃખ નાસે..૪

પદ - ૮

નખશીખ નીરખીને ચિહ્ન વર્ણન કર્યાં,
સંત હરિભક્તને નિત્ય ગાવા;
ભક્તના ઉર વિશે શ્રી મહારાજની,
સુંદર મૂર્તિ સાક્ષાત થાવા..૧
પુષ્પનાં ભુષણ વસન મહારાજનાં,
એક પદમાં હવે કહું વખાણી;
ઉજ્જ્વલ પાઘ શિર શ્વેત પટકો ખભે,
શ્વેત ધોતી પે'રી પ્રીત આણી..૨
પુષ્પના હાર ઉર કંકણ પુષ્પનાં,
પુષ્પના બાજુ તે બાંધ્યા બાંયે;
પુષ્પના ગુચ્છ તે ખોસ્યા બે કાનમાં,
તોરા લટકે સુંદર પાઘમાંહે..૩
એ પદ જે કોઈ શીખે ને સાંભળે,
એ છબીનું નિત્ય ધ્યાન ધરશે;
પ્રેમાનંદ કહે તેના ઉરમાં આવીને,
સ્વામી સહજાનંદ વાસ કરશે..૪

રાગ : બિભાસ પ્રભાતી

છાંડી કે શ્રીઘનશ્યામ, ઓર કો જો જપું નામ;
કર લે કટારી મેરી, જીભા કાટિ ડારીયો..છાંડી૰
લોકન કી લાજ ડરું, જો ન ભક્ત ચિહ્ન ધરું;
પાવક કે મધ્ય મેરે, તન કું પ્રજારીયો..છાંડી૰
જીવિકા કો લોભ જાની, ભક્તિ જો કરું મેં છાની;
તેહી છીન તન મેરો, શૈલ સેં પછારીયો..છાંડી૰
મુક્તાનંદ કહે ટેરી, દૃઢતા જો ડગે મેરી;
શૂળીપેં ચઢાઈ તીખે, તીરન સેં મારીયો..છાંડી૰

રાગ : ભૈરવી પદ - ૧

હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે;
હમારે મન સ્વામિનારાયણ, દૂસરો ન ભાવે..હમ૰
તપ તીરથ સાધન મેં, સ્વપ્ને નહીં જાવે;
જેસે કોઈ ઘૃત છાંડ, છાસ કો ન ખાવે..હમ૰
અણિમાદિક અષ્ટ સિદ્ધિ, મુક્તિ કો ન ચા'વે;
સબ કો ફળ સહજાનંદ, ચરન ચિત્ત લાવે..હમ૰

સહજાનંદ જાપ સેં, ત્રય તાપ કો બુઝાવે;
ઈનહી કે પ્રતાપ સેં, અપાર ગતિ પાવે..હમ૦

આગમ નિગમ કઠિન રહસ્ય, હમેં ન સમજાવે;
પ્રેમાનંદ સાર સુગમ, સહજાનંદ આવે..હમ૦

રાગ : ભૈરવ પ્રભાતી

શ્યામસુંદર તમે કેમ કરી રીઝો,
તે મુજને કહી દાખો રે;
તે હું માનીશ મન કર્મ વચને,
અંતર રંચ મ રાખો રે..શ્યામ૦

જે ગુણ ગ્રહી તમને રીઝવે,
બડભાગી કોઈ નારી રે;
તે ગુણ ગ્રહી હું તમને સેવું,
નટવર કુંજ વિહારી રે..શ્યામ૦ ૧

સજી શણગાર સુભગ તન ગોરે,
ગુણ રાખે અતિ ગેરો રે;
જ્યાં લગી પીયુડો હસી ન બોલાવે,

આભુષણ સર્વે ડેરો રે..શ્યામ૰ ૨
તે માટે હું તમને પૂછું,
કરુણાનિધિ કહો સાચું રે;
મુક્તાનંદ કહે તમે ન રીઝ્યા,
ત્યાં સુધી સર્વે કાચું રે..શ્યામ૰ ૩

રાગ : રામકલી પ્રભાતી

વેલેરી ઉઠીને વા'લાજીનું વદન નિહારું,
જોઈને કમળમુખ દુઃખ દુર વિસારું રે..વેલેરી૰
વદન વા'લાજીનું અતિ સુખકારી,
નીરખી નીરખી જાઉં હું તો સરવસ વારી રે..વેલેરી૰
મુખડું જોયા વિના પાણીયે ન પીવું,
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું રે..વેલેરી૰
પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે,
જુઠો રે સંસારીયો સર્વે ત્યાગ કર્યો છે રે..વેલેરી૰
પ્રેમાનંદના સ્વામીને કાજે,
મેલ્યા છે સંસારીયા સઉ બળતા મેં દાઝે રે..વેલેરી૰

રાગ : રામગ્રી

નાથ રહો મારા નેણમાં, હરિ આવાને આવા;
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા..ટેક૰

રાખીશ જતને જીવમાં, નહિ દેઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજના, દર્શન દેવને થાવા..નાથ૰

સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વહાલાં લાગે છે મુખનાં, મીઠાં મીઠાં વેણાં..નાથ૰

આંખલડી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિશે આનંદ સુખ ઉપજે, તમને જ્યારે દેખું..નાથ૰

નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ..નાથ૰

રાગ : ભૈરવી

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા,
બિરુદની બલીહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહી ગિરધર,
અવિચળ ટેક તમારી રે...અધમ૰

ભરી સભામાં ભુધરજી તમે,
થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો,
અવગુણીયા વિસારી રે...અધમ૰ ૧

જેવો તેવો તોય પુત્ર તમારો,
અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તે અવશ્ય પાળવો,
વાલમ જુઓ વિચારી રે...અધમ૰ ૨

અનળ અહિ જો ગ્રહે અજાણે,
તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું,
નહિ જગમાં હિતકારી રે...અધમ૰ ૩

બ્રહ્માનંદની એ જ વિનંતી,
મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી,
જોયે સાંજ સવારી રે...અધમ૰ ૪

રાગ : બિભાસ

સહજાનંદ સુજાન ભેટી ભ્રમણા ભાંગી રે..ટેક૰
છબી અલૌકિક છેલની, જોઈ જગથી ન્યારી રે,
વશ થઈ ગઈ વાતમાં, ચડી પ્રેમ ખુમારી રે..સહ૰
આંખલડી અલબેલની, બિના કાજલ કાળી રે,
ચોટ લગાડી ચિત્તમાં, મુજ સામું ભાળી રે..સહ૰
મંગલકારી મુખડું, હેત હાસ ભરેલું રે,
કોટી શશી કરું વારણે, ઉરમાં ધરેલું રે..સહ૰
અધર બિંબ પ્રવાલાની, ઉપમાં લજાવે રે,
દેવાનંદના નાથની, મૂર્તિ મનમાં ભાવે રે..સહ૰

રાગ : ધોળ પ્રભાતી

સુતાં ઊઠી રે સમરું સહજાનંદ કે વેણલાં ભલે વાયાં રે.
અંતર ઉપજ્યો રે, અતિશે આનંદ કે..વેણલા
નયને નીરખી રે, રંગભીનાનું રૂપ કે..વેણલાં
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલના ભૂપ કે..વેણલાં
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે....વેણલાં

તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે....વેણલા
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે....વેણલાં
ગોળ ઘુંટિયું રે, પૂરે મનડાના કોડ કે..વેણલાં
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે..વેણલાં
નાભી ઊંડી રે, અજ ઉપજ્યા જે ઠાર કે..વેણલાં
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે..વેણલાં
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે..વેણલાં

રાગ : પ્રભાતિ

મહી માખણ માગે રે માવો, મહી માખણ માગે;
પ્રભાતે ઉઠીને માવો, મહી માખણ માગે...ટેક૦
ઊંઘમાંથી અલબેલો ઉઠ્યા, નેણા નિદ્રાળું;
જમવા સારુ ઝગડે ઊભા, ભૂધર ભૂખાળું..પ્રભા૰ ૧
ગોકુળિયાની નારી સર્વે, આવી છે જોવા;
કજીયાળો કાનુડો દે નહી, ગાવલડી દો'વા..પ્રભા૰ ૨
માતાજી આ મહી તમારું, નાખીશ હું ઢોળી;
બ્રહ્માનંદના નાથે ઝાલી, મહીડાંની ગોળી..પ્રભા૰ ૩

સંધ્યા નિયમ

❋ ગોડી ❋

રાગ : પૂરવ; પદ - ૧

સંત સમાગમ કીજે, હો નિશદિન...ટેક૰

માન તજી સંતન કે મુખસે,
પ્રેમ સુધારસ પીજે...હો નિશદિન૰ ૧

અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે હો..નિશદિન૰ ૨

ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત,
સબ વિધિ કારજ સીજે હો..નિશદિન૰ ૩

બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
જન્મ સુફળ કરી લીજે હો..નિશદિન૰ ૪

પદ - ૨

સંત પરમ હિતકારી, જગતમાંહિ સંત... ટેક૰

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી...જગત૰ ૧

પરમ કૃપાળુ સકળ જીવન પર,
હરિસમ સબ દુઃખહારી...જગત૰ ૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી,
રીત જગતસે ન્યારી...જગત૰ ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત,
મિલત હે પ્રગટ મુરારી....જગત૰ ૪

પદ - ૩

હરિ ભજતાં સુખ હોય, સમજ મન હરિ...ટેક૰
હરિ સમરન બીન મૂઢ અજ્ઞાની,
ઉંમર દીની ખોય...સમજ૰ ૧
માતપિતા જુવતી સુત બાંધવ,
સંગે ચલત નહિ કોય...સમજ૰ ૨
ક્યું અપને શિર લેત બુરાઈ,
રહેના હે દિન દોય...સમજ૰ ૩
બ્રહ્માનંદ કહે હરિને ભજી લે,
હિતકી કહત હું તોય...સમજ૰ ૪

પદ - ૪

યુંહી જન્મ ગુમાત ભજન બિન... ટેક૰
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની,
કાળ નિકટ ચલી આત...ભજન૰ ૧
ભયોરી બેહાલ ફીરત હે નિશદિન,
ગુન વિષયન કે ગાત...ભજન૰ ૨
પરમારથ કો રાહ ન પ્રીછત,
પાપ કરત દિનરાત...ભજન૰ ૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ,
આયુષ્ય વૃથાહી જાત...ભજન૰ ૪

રાગ : ગરબી; પદ - ૧

શ્યામની છબી રે સખી, શ્યામની છબી;
જોને ફૂલાડાથી છાઈ, સખી શ્યામની છબી..ટેક૰
ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગો અંગ હરિને શોભે, ફૂલોના શણગાર..શ્યામ૰
કાનુંમેં ફૂલડાનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલતણાં ગજરા ફાવે છે, સુંદરમાંહી સુગંધ..શ્યામ૰

ફૂલતણો શિર મુગટ જોઈને, મગન ફરે વ્રજનાર;
ફૂલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર..શ્યામ૰

પદ - ૨

ફૂલની માળા રે શોભે ફૂલની માળા;
બે'ની સુંદરવરને શોભે ગળે ફૂલની માળા..ટેક૰

નવલ કસુંબી પટકા ઉપર, તોરે હદવાળી;
ફૂલતણી પછેડી ઓઢી, ઊભા વનમાળી..ફૂલની૰

ફૂલડાંની વૈજંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારું, ઈન્દ્રાદિક આવે..ફૂલની૰

ફૂલ કલંગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂર્તિ, નેણુંમાં ધારી..ફૂલની૰

રાગ : ગરબી; પદ - ૧

લગની લાગી રે, મારે લગની લાગી;
સખી ! શામળિયા સંગાથે, મારે લગની લાગી..ટેક૰

મીઠે સ્વરે મોહનજીની, મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી..લગની૰

વૃંદાવનની વાટે ચાલી, કુળલજ્જા ત્યાગી;
વાંસળી વગાડતા જોયા, શ્યામ સોહાગી..લગની૦
રસિયા સંગે રમતાં, સર્વે ભ્રમણાં ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો, મુખડે માગી..લગની૦
મુક્તાનંદ કહે પળ એક ન્યારા નહિ મેલું વાલો;
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો..લગની૦

પદ - ૨

ગિરધારી રે સખી ! ગિરધારી;
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી..ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છૂટે..ગિર૦
અનગણ નાણું સંચી અંતે, નિરધનિયા જાયે;
તેની પેઠે નિરભે નાણું, દુર ન થાયે..ગિર૦
સંપત વિપત્ત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું..ગિર૦
મુક્તાનંદ કહે મોહનવરને, ઉરમાં ધારી;
હવે દુઃખને દારિદ્ર થકી, થઈ છું હું ન્યારી..ગિર૦

પદ - ૩

સુખ પામી રે સખી ! સુખ પામી;
હું તો શામળીયાને શરણે જાતાં સુખ પામી..ટેક૰

શરણાગત ને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી..સુખ૰

તપ ને તીરથ મેં તો કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠા શ્યામ થકી કારજ સીધું..સુખ૰

સંસારીનું સુખડું જુઠું આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ કેદી કાળ ન ખાયે..સુખ૰

મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
એને દેહદર્શી દેખે, પોતા જેવા સંસારી..સુખ૰

પદ - ૪

છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો;
મારે મંદિરે પધારે નિત્ય છેલ છોગાળો..ટેક૰

હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડા વામે....છેલ ૧

મોતિડાંની માળા પેરી મલપંતો આવે;
ગાઉં ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે..છેલ૰
મેં વ્હાલો વશ કીધા મુજને વ્હાલે વશ કીધી;
સામાસામી પાનબીડી, દીધી ને લીધી..છેલ૰
મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને મે'ર કરી દીધો....છેલ૰

રાગ : ગરબી

જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા;
છપૈયામાં ચુંપે ચાલો, જીવનજી જોવા..ટેક૰
પ્રેમવતી સુત પાતળીયાને, ચિત્તમાં પ્રોવા;
શામળિયા સંગાથે રહીએ, મનનાં મળ ધોવા..જીવન૰
નૌતમ મૂર્તિ નટવરજીની, નેણાંમાં ઠોવા;
ખોટો ખેલ સંસારી કેરો, ખાંતે શું ખોવા..જીવન૰
શ્રી ઘનશ્યામ સલુણાજીને હેત તણા હેવા;
દર્શન કારણ દોડી આવે, સનકાદિક જેવા..જીવન૰
બાળચરિત્ર કરે છે મોહન, મનડાંને મો'વા;
દયાનંદ કહે હેતે જાઈએ, હરિનાં હોવા..જીવન૰

રાગ : ગોડી

નારાયણ સુખકારી, ભજી લેને નારાયણ સુખકારી;
સાધુ જનની માન શિખામણ,
વિષય વિકાર વિસારી...ભજી૦

માત પિતા સુત બાંધવ મેડી, નહિ તારાં સુત નારી;
જમને દ્વારે એકીલા જાવું,
કરજે કરમ વિચારી...ભજી૦

રાજા રંક ગુણીજન પંડિત, ખેડૂ ને વેપારી;
સગાં કુટુંબી સહિત સૌને,
લઈ જાવે જમ મારી...ભજી૦

ભરતખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિ વારંવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખિયો,
સંત-વચન ઉર ધારી...ભજી૦



આરતી - સ્તુતિ



જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી..જય૰ ૧

ચરણ સરોજ તમારા, વંદુ કર જોડી;
ચરણે શીશ ધર્યાથી, દુઃખ નાખ્યાં તોડી..જય૰ ૨

નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી;
પામર પતિત ઉદ્ધાર્યા, અગણિત નરનારી..જય૰ ૩

નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી;
અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી..જય૰ ૪

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;
કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે..જય૰ ૫

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સિધી..જય૰ ૬

❋ ધૂન ❋

રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ ! જય જય ગોવિંદ !

નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !

કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !

વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !

વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !
જયજય વાસુદેવ ગોવિંદ ! જયજય વાસુદેવ ગોવિંદ !

રાધે ગોવિંદ ! જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ ! જય રાધે ગોવિંદ !

માધવ મુકુંદ ! જય માધવ મુંકુદ !
આનંદકંદ ! જય માધવ મુંકુંદ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

❋ શ્રીરાધિકાષ્ટકમ્ : નવીનજીમૂત ❋

નવીનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણં, શ્રીરાધિકાકૃષ્ણમહંનમામિ॰૧
નિધાય પાણીદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકા॰૨
વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં,હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકા॰૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકા॰૪
ગોપીપ્રિયારમ્ભિતરાસખેલં, રાસેશ્વરીરંજન કૃત્પ્રહેલમ્;
સ્કંધોલ્લસત્કુંકુમચિન્હચેલં, શ્રીરાધિકા॰૫
વૃન્દાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનન્દયન્તં, શ્રીરાધિકા॰૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીય સારમ્;
સદૈવ સત્પુરુષસૌખ્યકારં, શ્રીરાધિકા॰૭
આનંદિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસન્દર્શિત દિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકા॰૮

❋ પ્રાર્થના ❋

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ..૧
મોહિ મેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર..૨
તુમ્હારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ ન હોય;
એકાંતિક તવ દાસ કો, દીજે સમાગમ મોય..૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયે પાસ..૪
હે કૃપાલો! હે ભક્તપતે! ભક્તવત્સલ! સુનો બાત;
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત..૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ..૬
સો પત્રિમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય..૭
હિંસા ન કરની જંતુ કી, પરત્રિયા સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્ય કું, પીવત નહિ બડભાગ..૮

વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુ કી, કલંક ન કોઈ કું લગાત..૯
નિંદત નહિ કોઈ દેવ કું, બિનખપતો નહિ ખાત;
વિમુખ જીવ કે વદન સે, કથા સુની નહિ જાત..૧૦
એહી ધર્મ કે નિયમ મેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ..૧૧
રહી એકાદશ નિયમ મેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામ મેં, જાઓ નિઃશંક જગજીત..૧૨

શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય
શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય
શ્રી ગોપીનાથજી મહારાજની જય
શ્રી નરનારાયણ દેવની જય
શ્રી નારાયણમુનિ દેવની જય
શ્રી વિઘ્નવિનાયક દેવની જય - શ્રી કષ્ટભંજન દેવની જય
શ્રી પાંચસો પરમહંસની જય

❋ સ્તુતિ ❋

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.

અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમાં, બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિશશી સુરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ.

આવી અક્ષરધામથી અવનીમાં, જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને, દિલે ધરીને દયા;

કીધા ચારુ ચરિત્ર ગાન કરવા, જેણે કરુણા કરી,
વંદુ મંગલ મૂરતિ ઉર ધરી, સર્વોપરી શ્રીહરિ.

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લઈ, તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સદ્ધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા;
મોટા ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરિતણી, સંક્ષેપમાં ઉચ્ચરી.

નિજાશ્રિતાનાં સકલાર્તિહંતા, સધર્મભક્તેરવનં વિધાતા
દાતાસુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોખિલ મંગલં નઃ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા
બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્ સકલં પરસ્મૈ
નારાયણાયેતિ સમર્પયામિ ॥

સ્તોત્ર

❋ (સોમવાર) કોકિલકવૃત્તમ્ ❋

વિહરતિ યોક્ષરેક્ષર પદાક્ષર મુક્તપતિઃ
પુરુષ વિધો વિધિં વિધિ હરીશ્વર મુખ્ય બુધાઃ ।
શિરસિ વહન્તિ તે સમુદિતં કિલ યેન મુદા
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૧।

પ્રકૃતિમયા ગુણા ન ચ ભવન્તિ હિ યત્ર હરો
ઈતિ નિગમાગમા અપિ વદન્તિ ચ નિર્ગુણકમ્ ।
ઈતિ સગુણં ગુણૈરપિ યુતં પર દિવ્ય શુભૈર્
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૨।

શમદમ કૌશલ સ્મૃતિ તપો બલ કાન્તિ ભગ
શ્રુત શુચિ સત્યતા સ્વવશતાર્જવ કીર્તિ મુખાઃ ।
અપરિમિતા ગુણા ધ્રુવતયાત્ર વસન્તિ સદા
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૩।

પ્રકૃતિ પરાક્ષરે બૃહતિ ધામનિ મૂર્તિ ધરૈર્
નિગમ નિજાયુધૈશ્ચ નિજ પાર્ષદ મુખ્ય ગણૈઃ ।
ઉરુ ય ઉપાસ્યતેપિ રમયા રમણીય તનુર્

હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૪।

નિખિલ ભગૈશ્ચ યોક્ષર પદે દિવિ દેવ ગણૈ
રખિલ વિભૂતિભિર્ વિભવ ભૂમિરુપાસ્યત એ ।
રતિ પતિ દર્પહા રમણ રમ્યક રૂપ નિધિર્
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૫।

વિજિત મનોભવા ભુવિ ભજન્તિ ચ યં સતતં
શમ દમ સાધનૈઃ પ્રશમિતેન્દ્રિય વાજિરયાઃ ।
પ્રકટિત માનુષાકૃતિમિમે મુનિ દેવ ગણા
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૬।

દ્વિજવૃષ સાધુ ગો મુનિ ગણાનવિતું ભુવિ યો
વૃષ ભવને વૃષાદ્ ધૃતજનિર્ જનકો જગતામ્ ।
પ્રકૃતિ ભુવામપિ પ્રશમિતું યદધર્મકુલં
હૃદિ તમજં ભજે ભવહરં હરિકૃષ્ણમહમ્ ।૭।

ઋષિભિરભિષ્ટુતો નૃપ ગણૈર્ નત પાદ તલઃ
શ્રુતિ શિરસાં ગણૈરુદિત સૂજ્જવલ કીર્તિરસૌ ।
અતિકૃતિભિઃ પ્રગીત ઈતિ યઃ કવિ કોકિલકૈર્
હૃદિ તમજં...।૮। **લે.- શ્રી યોગાનંદ મુનિ**

❋ (મંગળવાર) પ્રહર્ષિણીવૃતમ્ ❋

મુક્તાનાં સદસિ સદા વિરાજમાનં,
પૂર્ણેન્દુ પ્રવર મુખામ્જપત્ર નેત્રમ્ ।
મન્દાર સ્થલરુહ કુન્દસાર હારં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૧।

અમ્ભોજ ધ્વજ કલશાઽઙ્કુશોર્ધ્વરેખા,
ગોપાદ પ્રમુખ સુલક્ષ્મ પાદપદ્મમ્ ।
સામોદ ભ્રમર વિગુઞ્જિતાવચૂલં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૨।

ભક્તેભ્યો વિહિત સબીજ સાંખ્યયોગં,
પ્રાવાર પ્રચલિત કંચુકાભિરામમ્ ।
શ્રીખંડ પ્રવર તમાલ પત્રમીશં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૩।

વિદ્યોતન્ મણિમય હેમ કુન્ડલશ્રી,
કર્ણાગ્રોત્તમ કુસુમાવતંસ રમ્યમ્ ।
શ્રીવત્સોલ્લસિત ભુજાન્તરં સદીશં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૪।

સંસાર પ્રશમન કારણ પ્રતાપં,
બિભ્રાણં સુરુચિરમૌક્તિકીં ચ માલામ્ ।
હસ્તાગ્રે સુલલિત માલિકાં દધાનં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૫।

શાન્તાનાં વિદલિત માન મત્સરાણાં,
કામાદિ પ્રબલ વિપક્ષ નિર્જયાનામ્ ।
સાધૂનામનિશમ વેક્ષણીય રૂપં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૬।

વેદાન્તૈરુદિત સુકીર્તિમાપ્ત કામં,
જુષ્ટાઙ્ઘ્રિં વિજિત વિદૂષણૈ ર્મુનીન્દ્રૈઃ ।
બ્રહ્માન્ડ સ્થપતિ સુરેશ્વરૈક નાથં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૭।

રમ્યાણાં વિમલ સુવર્ણ ભૂષણાનાં,
શ્રીમત્તામવયવ શોભયા દધાનમ્ ।
ઘર્માન્ત પ્રભવ નવીન મેઘ નીલં,
ધર્માઙ્ગ પ્રભવમહં હરિં પ્રપદ્યે ।૮।

લે.- શ્રી અચિંત્યાનંદ વર્ણી

❋ (બુધવાર) દ્રુતવિલમ્બિતવૃતમ્ ❋

વદન તર્જિત રમ્ય હિમાંશુકે,
કમલ કોમલ પત્ર વિલોચને ।
મદન મોહન સુંદર વિગ્રહે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૧।
મુનિ સમાજ સદાસન સંસ્થિતે,
પુરટ નૂપુર રમ્ય પદામ્બુજે ।
ઉદર નાભિ વલિ ત્રય રાજિતે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૨।
કુસુમ માલ વિશાલ ભુજાન્તરે,
મધુર હાસ વિલાસ મુખામ્બુજે ।
રુચિર કેસર ચંદન ચર્ચિતે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૩।
જઘન કાંચન ભાસુર મેખલે,
લલિત મૌક્તિક હાર મનોહરે ।
કુટિલ મઞ્જુલ નીલ શિરોરુહે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૪।

વિશદ ચંદ્ર કર પ્રભ શેખરે,
પ્રણત પાપ વિનાશ દિવાકરે ।
ધૃત વલક્ષ વિશાલ ઘનામ્બરે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૫।

ક્ષપિત ભક્ત મનોભવ વેદને,
કનક ભૂષણ હારિ કરદ્વયે ।
અરુણ રાગ શિરઃપટ શોભિતે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૬।

તિલક લક્ષણ રાજીત ગન્ડકે,
શ્રુતિ સિતેતર બિંદુ મનોહરે ।
શ્રવણ કુંડલ શાલિ કપોલકે,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૭।

મધુર વાક્ય સુધા રસ પોષકે,
નિજ જનોદિત યોગ રહસ્યકે ।
વદતિ સંસદિ કૃષ્ણ નિરૂપણં,
ભવહરેસ્તુ મનો વૃષ નંદને ।૮।

લે.- શ્રી અચિંત્યાનંદ વર્ણી

❋ (ગુરુવાર) વસન્તતિલકાવૃત્તમ્ ❋

શ્રીવાસુદેવ ! વિમલામૃતધામ વાસં,
નારાયણં નરકતારણ નામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભજં ચ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૧।

શિક્ષાર્થમત્ર નિજ ભક્તિમતાં નરાણા,
મેકાન્ત ધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાઙ્ગ યોગ કલનાશ્ચ મહા વ્રતાનિ,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૨।

શ્વાસેન સાક મનુલોમ વિલોમ વૃત્ત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરુધા નિજસ્ય ।
પૂરે ગતાગત જલામ્બુધિનોપમેયં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૩।

બાહ્યાન્તરિન્દ્રિય ગણ શ્વસનાધિદૈવ,
વૃત્ત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્ ।
સ્થિત્વા તતઃ સ્વ મહસા પૃથગીક્ષમાણં,

ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૪।

માયામયાકૃતિ તમો શુભ વાસનાનાં,
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજ સાંખ્યમત યોગગ યુક્તિભાજં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૫।

દિવ્યાકૃતિત્વ સુમહસ્ત્વ સુવાસનાનાં,
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ।
સાલમ્બ સાંખ્યપથ યોગ સુયુક્તિ ભાજં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૬।

કામાર્ત તસ્કર નટ વ્યસનિ દ્વિષન્તઃ,
સ્વસ્વાર્થ સિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૭।

સાધ્વી ચકોર શલભાસ્તિમિ કાલકંઠ,
કોકા નિજેષ્ટ વિષયેષુ યથૈવ લગ્નાઃ ।
મૂર્તૌ તથા ભગવતોત્ર મુદાતિલગ્નં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૮।

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્ ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં,
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૯।

ધર્મસ્થિતૈરુપગતૈર્ બૃહતા નિજૈક્યં,
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિત દિવ્યમૂર્તિઃ ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૧૦।

સદ્ગ્રંથ નિત્ય પઠન શ્રવણાદિ સક્તં
બ્રાહ્મીં ચ સત્સદસિ શાસતમત્ર વિદ્યામ્ ।
સંસાર જાલ પતિતાખિલ જીવ બન્ધો
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।૧૧।

લે.- શ્રી શતાનંદ મુનિ

ધર્મસ્ત્યાજ્યો ન કૈશ્ચિત્ સ્વનિગમવિહિતો વાસુદેવે ચ ભક્તિર્
દિવ્યાકારે વિધેયા સિતઘનમહસિ બ્રહ્મણ્યૈક્યં નિજસ્ય ।
નિશ્ચિત્યૈવાન્યવસ્તુન્યણુમપિ ચ રતિં સમ્પરિત્યજ્ય સન્તસ્
તન્માહાત્મ્યાય સેવ્યા ઈતિ વદતિ નિજાન્ ધાર્મિકો નીલકંઠઃ ॥

❋ (શુક્રવાર) વંશસ્થવૃત્તમ્ ❋

અથૈકદા દિવ્ય તપાસ્ તપસ્ તપંસ્,
તપસ્વિનાં કૌતુક કાર કર્મકઃ ।
યથેષ્ટ યોગાય વને વસન્ વશી,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૧।

નવીન નીલામ્બુદ દિવ્ય વિગ્રહો,
જિતેન્દ્રિયો યોગ કલાસુ કૌશલઃ ।
કૃશી કૃતાઽગસ્ તપસા તપોધનઃ,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૨।

કટી તટે પિઽગલ વર્ણ પેશલાં,
નવીન મૌન્જીં દધદેવ મેખલામ્ ।
જટાં દધાનોથ શિરો રુહચ્છટાં,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૩।

સિતોપવીતાં સતતોટવી રુચિ,
રતીવ કૌપીનપટં દ્રઢં દધત્ ।
વિરાજમાનો મૃગ ચારુ ચર્મણા,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૪।

દધચ્ચ કંઠે તનુ તૌલસીં સ્રજં,
સનામ પાણૌ જપ માલીકાં તથા ।
સચન્દ્ર મધ્યોર્ધ્વ તમાલ પત્રકઃ,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૫।

તનૂતર સ્કન્ધ નિષક્ત પુસ્તકો,
રતઃ સદા બાલ મુકુન્દ પૂજને ।
વનેચરૈઃ સિદ્ધ ગણૈસ્તુ સેવિતઃ,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૬।

સસિંહ શાર્દૂલ વરાહ વારણૈર્,
મહા મૃગૈર્ વ્યાલ ગણૈશ્ચ સંકુલે ।
વનેપિ ધીરો વિચરન્નભીતિકઃ,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૭।

સદાત્મદર્શી ફલ કન્દ ભોજનો,
વને નિવાસો યદિ દુઃખદઃ ખલુ ।
તથાપિ તત્રાપિ સુખો મહામતિઃ,
સ વર્ણી વેષોવતુ ધર્મ નંદનઃ ।૮।

લે.- શ્રી યોગાનંદ સ્વામી

❋ (શનિવાર) લલિત છન્દ ❋

અતિમનોહરં સર્વસુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણમ્ ।
વિબુધવન્દિતં સ્વામિનાથ ! તે
વપુરિહાસ્તુ નો નિત્ય દર્શને...૦ ૧

મદનમોહનં પ્રેમદોહનં નયનગોચરં ભક્તસંચરમ્ ।
ભુવિ સુદુર્લભં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૨

નિજજનૈઃ સદા વાઞ્છિતં હૃદા પરસુખાવહં હૃત્તમોપહમ્
પરમમંગલં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૩

હૃદયરોચનં બદ્ધમોચનં વિગતશોચનં દીર્ઘલોચનમ્ ।
મૃદુસિતામ્બરં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૪

મધુરભાષણં પુષ્પભૂષણં વિજિતદૂષણં શોકશોષણમ્।
પ્રહસદાનનં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૫

કુસુમશેખરં કોમલાન્તરં સદયદર્શનં દુઃખકર્શનમ્ ।
વિધિહરાર્ચિતં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૬

પરમપાવનં લોકભાવનં કુટિલકુન્તલં પુષ્પકુંડલમ્ ।
ભવભયાપહં સ્વામિનાથ ! તે વપુરિ...૦ ૭

સકલસિદ્ધિભિઃ સર્વઋદ્ધિભિઃ
શ્રિતપદં સદા યોગિભિર્મુદા
તદિદમેવ હિ સ્વામિનાથ તે વપુરિ...૦ ૮

લે. - વાસુદેવાનંદ વર્ણી

❋ (રવિવાર) રાગ : પિલુ ❋

માનસ ચિન્તય ચારુ ચરિત્રમ્ ।
પ્રેમવતી વૃષ પુત્રં પવિત્રમ્ ॥ માનસ...ધ્રુવ
નૂતન મુદિર દયિત મંજુ કાયે ।
ચન્દ્ર વિશદ વસનાનિ ધરન્તમ્ ॥ માનસ-૧
કેસર તિલક લલિત નિજ ભાલે ।
કુંકુમ ચન્દ્રક ધરમભિરામમ્ ॥ માનસ-૨
બિંદુ પરિષ્કૃત શુભ શ્રુતિ યુગ્મે ।
રત્ન સુશોભિત કુન્ડલ ધારમ્ ॥ માનસ-૩
અમ્બક મધુપ લસિત લપનાબ્જે ।
કુન્દ મુકુલ સમ હાસં દધાનમ્ ॥ માનસ-૪
રેખા વિરાજિત વર કંબુ કંઠે ।

પુરુવિધ પુષ્પ કનક મણિહારમ્ ।। માનસ-૫
વિષ ધર વિગ્રહ કલ્પ કર દ્વયે ।
પુષ્પ રચિત વલયાઙ્ગદ ધારમ્ ।। માનસ-૬
હરિ મદ હર તનુ મઞ્જુલ કટ્યામ્ ।
નંગખચિત ચામીકરરસનાઢયમ્ ।। માનસ-૭
કરિ કર કદલિ કરભ સમ સક્થિમ્ ।
સુષમ સુવૃત્ત મુકુર રૂપ જાનુમ્ ।। માનસ-૮
નૂપુર નાદિત ચરણ મુદારમ્ ।
નિષ્કામાનંદ નિખિલ તાપ હારમ્ ।। માનસ-૯

લે.- સદ્. શ્રીનિષ્કામાનંદ વર્ણી

❋ (એકાદશી) વિયોગીની વૃત્તમ્ ❋

ભવસંભવ ભીતિભેદનં, સુખસંપત્કરુણા નિકેતનમ્ ।
વ્રતદાનતપઃ ક્રિયાફલં, સહજાનંદ ગુરું ભજે સદા।।૧।।

કરુણામય ચારુલોચનં, શરણાયાત જનાર્તિમોચનમ્ ।
પતિતોદ્ધરણાય તત્પરં, સહજાનંદ।।૨।।

નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વત એવ દુર્ગમમ્ ।
ઈતિ ચિન્ત્ય ગૃહિતવિગ્રહં, સહજાનંદ॰।૩।

વિધિશંભુ મુખૈરનિગ્રહં, ભવપાથોધિ પરિભ્રમાકુલમ્ ।
અપિધાર્ય મનો નરપ્રભં, સહજાનંદ॰।૪।

નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ ભવજીવગોચરમ્ ।
ઈતિ યઃ કુરુતે કૃતૂત્સવં, સહજાનંદ॰।૫।

બહિરીક્ષણ લોકમાનુષં, નિજદત્તામ્બકદર્શિનાં હરિમ્ ।
ભજનીય પદં જગદ્ગુરું, સહજાનંદ॰।૬।

શરણાગત પાપપર્વતં, ગણયિત્વા ન તદીય સદ્ગુણમ્ ।
અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદ॰।૭।

ભવવારિધિ મોક્ષસાધનં, ગુરુરાજ પ્રકટ સ્વસઙ્ગમમ્ ।
પ્રકટિકૃતવાન્ કૃપાવશઃ, સહજાનંદ॰।૮।

ભગવન્ કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકાર મીદૃશમ્ ।
ક્ષમતે પ્રતિકર્તુમત્ર કઃ, કુરુતે દીનજનસ્ તતોઞ્જલિમ્ ।૯।

લે.- દિનાનાથ ભટ્ટ

❋ ગણપતિજીની આરતી ❋

જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા;
વિઘ્નવિનાયક મૂર્તિ, સુખદાયક સારા..જય ૧

જય જય શંભુકુમાર શોક સદા હરતા;
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા..જય ૨

ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી;
સ્મરણ કરે છે તેના, દુઃખ નાંખો તોડી..જય ૩

લચપચતા લાડુંનું, ભોજન બહુ ભાવે;
આપ બિરાજો છો ત્યાં, સંકટ નવ આવે..જય ૪

સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્ની સંગે;
શુભ કામ વિચરો છો, અતિશય ઉછરંગે..જય ૫

સુરનર મુનિવર સર્વ, સેવે છે તમને;
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને..જય ૬

જય સંકટહર સુખકર, અરજી ઉર ધરજો;
શરણાગત સેવકનો, અભ્યુદય કરજો..જય ૭

❋ હનુમાનજીની આરતી ❋

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા;
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા..જય ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી..જય ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને, થર થર કંપે..જય ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી;
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી..જય ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા..જય ૫

❋ શ્રી હનુમત્સ્તોત્રમ્ ❋

નીતિપ્રવિણ ! નિગમાગમ - શાસ્ત્રબુદ્ધે !
રાજાધિરાજ રઘુનાયક મન્ત્રિવર્ય ।
સિન્દુર - ચર્ચિત - કલેવર ! નૈષ્ઠિકેન્દ્ર !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૧।

સીતા - નિમિત્તજ - રઘૂત્તમ - ભૂરિકષ્ટ
પ્રોત્સારણૈકકસહાય ! હતાસ્સપૌધ ! ।
નિર્દગ્ધ - યાતુપતિ - હાટક - રાજધાને !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૨।

દુર્વાર્ય - રાવણ - વિસર્જિત - શક્તિઘાત
કંઠાસુ-લક્ષ્મણ-સુખાહૃત - જીવવલ્લે ! ।
દ્રોણાચલાનયન - નન્દિત - રામપક્ષ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૩।

રામાગમોક્તિ - તરિતારિત - બન્ધ્વયોગ
દુઃખાબ્ધિ-મગ્નભરતાર્પિત-પારિબર્હ ! ।
રામાઙ્ઘ્રિપદ્મ - મધુપીભવદન્તરાત્મન્ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૪।

વાતાત્મ-કેસરિ મહા-કપિરાટ્-તદીય
ભાર્યાન્જની-પુરુ-તપ-ફલ-પુત્રભાવ ! ।
તાર્ક્ષ્યોપમોચિત - વપુર્બલ - તીવ્રવેગ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૫।

નાનાભિચારિક - વિસૃષ્ટ - સવીરકૃત્યા
વિદ્રાવણારુણ-સમીક્ષણ-દુઃપ્રધર્ષ્ય ! ।
રોગઘ્ન-સત્સુતદ-વિત્તદ-મન્ત્રજાપ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૬।

યન્નામધેય - પદક - શ્રુતિ - માત્રતોપિ
યે બ્રહ્મરાક્ષસ-પિશાચ-ગણાશ્ચ ભૂતાઃ ।
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૭।

ત્વં ભક્ત-માનસ-સમીપ્સિત - પૂર્તિશક્તો
દીનસ્યદુર્મદ-સપત્ન-ભયાર્તિ-ભાજઃ ।
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ !
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ।૮।

દષ્ટાઃ સ્પૃષ્ટા નતા વા કૃતપરિચરણા ભોજિતાઃ પૂજિતા વા
સદ્યઃ પુંસામઘૌઘં બહુજનિજનિતં ઘ્નતિ યે વૈ સમૂલમ્ ।
પ્રોક્તાઃ કૃષ્ણેન યે વા નિજહૃદયસમા યત્પદે તીર્થજાતં
તેષાં માતઃ પ્રસંગાત્કિમિહ નનુ સતાં દુર્લભં સ્યાન્મુમુક્ષોઃ ।।

થાળ

રાગ : ગરબી પદ - ૧

જમો થાળ જીવન જાઉં વારી,
ધુઓ કરચરણ કરો ત્યારી...જમો ટેક૰
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૰ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૰ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૰ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૰ ૪
ચળું કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૰ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૰ ૬

રાત્રી ભોજનનો થાળ

રૂડી રાંધી મેં રસિયાજી, ખાંતે ખીચડી રે...રૂડી ટેક૰
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે...રૂડી૰ ૧
ઘી ઘણુંય જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોપે શું ચોળાની કાજુ કરી વડી રે...રૂડી૰ ૨
દૂધ કઢી ને દહીં જમાવી, લલિત લવીંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે...રૂડી૰ ૩
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે...રૂડી૰ ૪

થાળ : પદ - ૧

તમે જમો જમોને મારા ઠાકરીયા;
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડું સાકરીયા રે..તમે૰
પેંડા બરફી ખાજા જલેબી, મરકી મેસુબને ઘેબરીયા;
શીરો પૂરી કંસાર હરીસો,
બિરંજ જમોને કાના કેસરીયા રે..તમે૰ ૧

ભજીયા વડા તળ્યા છે પાપડ, મીઠું જીરૂ નાખીને મરીયા;
શાક પાક સુંદરવર જમજો,
રાયતણા સુંદર દૈયથરીયા રે..તમે૰ ૨

આંબા મોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો ગિરધરીયા;
વધે તે પ્રેમાનંદને આપો,
ધર્મકુંવર રંગના ભરીયા રે..તમે૰ ૩

મુખવાસનો થાળ

લેતા જાઓ રે સાવરિયા બીડી પાનનકી,
પાનનકી બીડી પાનનકી..ટેક૰

કાથો ચુનો વારી, લવીંગ સોપારી;
એલચી મંગાવું મુલતાનનકી..લેતા૰ ૧

એક એક બીડી મોરી, સાસુ નણંદકી;
દુસરી બીડી મોરે લાલનકી..લેતા૰ ૨

આવો શ્રીકૃષ્ણ હરિ, પાટે બેસારું;
બાજી ખેલાવું સારી રેનનકી..લેતા૰ ૩

પ્રેમાનંદ કહે, આપો પ્રસાદી;
એટલી અરજ તોરે દાસનકી..લેતા૰ ૪

ચેષ્ટા નિયમ

રાગ : ગરબી પદ - ૧

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાવું...૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની...૪
ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...૬
રમૂજ કરતાં રે, રાજીવ નેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;

ફેરવે તાણી રે, કંઈક માળા તોડે...૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા...૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી...૧૦

પદ - ૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે...૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઈ રે, મગન થાય મહારાજા...૬

તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે...૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

પદ - ૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવ ભયહારી...૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ...૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી...૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત...૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;

ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે...૫
જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી...૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ...૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને...૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ...૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન...૧૦

પદ - ૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સૂણતા ન્યારી ન્યારી...૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબનાં રે, ચોળે છે બે હાથે...૨
શીતળ જાણી રે, લીબું હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી...૩

ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે...૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે...૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે...૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે...૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય...૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની...૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે...૧૦

પદ - ૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારિ;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી...૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;

રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા...૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ...૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે...૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી...૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને...૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી...૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ...૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી...૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ...૧૦

પદ - ૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી...૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે...૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને...૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ...૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ...૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો...૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય...૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે...૮

ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી...૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વ્હાલો રે, પ્રેમાનંદનો હેલી...૧૦

પદ - ૭

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય...૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે...૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે...૩
ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી...૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ...૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ...૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;

કોઈનાં મુખમાં રે, આપે લાડુ હસતાં...૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે...૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી...૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે...૧૦

પદ - ૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે...૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી...૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમતાં રે, ચાંખડીએ ચડી ચાલે...૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા...૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી...૫

જમણાં પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ...૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ...૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મન ગમતાં...૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે...૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ...૧૦

પદ - ૯

ચળું કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને...૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે...૨
પાપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો...૩

વર્ષા ઋતુને રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી....૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
નાવા પધારે રે, ઘેલે પૂરણકામ...૫
બહુ જળક્રિડા રે, કરતા જળમાં ના'ય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય...૬
નાહીને બા'રા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી...૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે...૮
ગઢપુરવાસી રે, જોઈને જગ આધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર...૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

પદ - ૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટયા રે, પુરુષોત્તમ મહારાજ...૧

ફળિયા માંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે...૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને...૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે...૪
સૂતાં સૂતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને...૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુવરની રે, સહજ પ્રકૃતિ એમ...૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય...૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે પૂછે રે, સેવકને સુખધામ...૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર...૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે...૧૦

❋ રાગ : ધોળ ❋

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા.
ચિહન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા.
અરુણકમળ સમ જુગલ ચરણની, શોભા અતિ સારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મન વૃત્તિ મારી વ્હાલા.
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા.
અંગુઠા આંગળી વચ્ચેથી, નિસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા.
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા.
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા.
ત્રિકોણ કળશ ને ગોપદ્ય સુંદર, ધનુષ ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વ્હાલા.

જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા.
એજ અંગુઠાને બા'રે, તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા.

❋ રાગ : ગરબી પદ - ૧ ❋

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે;
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે...૧
પડયું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;
એ વર નહિ મળે ખરચે નાણું રે...૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે...૪
દુરિજન મનરે માને તેમ કહેજો રે;
સ્વામી મારા હૃદયાની ભીતર રહેજો રે...૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે...૬

પદ - ૨

હવે મારા વહાલાનાં દર્શન સારુ;
હરિજન આવે હજારે હજારુ...૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી;
પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨
સભા મધ્યે બેઠા મુનિના વૃંદ;
તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ...૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી;
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૪
તાળી પાડે ઉપડતી અતિ સારી;
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી...૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે;
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ;
સહજાનંદ અક્ષર ધામના વાસી...૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી;
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી...૮

વંદુના પદ

વંદુ સહજાનંદ રસરૂપ,
અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છુટે ફંદ,
કરે ભવ પારને રે લોલ.
સમરું પ્રગટ રૂપ સુખધામ,
અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ,
ભજે તજી કામને રે લોલ.
જે હરિ અક્ષરબ્રહ્મઆધાર,
કે પાર કોઈ નવ લહેરે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય,
નિગમ નેતિ કરે રે લોલ.
વર્ણવું સુંદર રૂપ અનુપમ,
જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ,
રહો ઉરમાં રમી રે લોલ.

પદ - ૨

આવો મારા મોહન મીઠડા લાલ,
કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ,
વિસારું નહિ ઉરથી રે લોલ.

મન મારું મોહ્યું મોહનલાલ,
પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ,
ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ.

વહાલા તારું ઝળકે સુંદર ભાલ,
તિલક રૂડાં કર્યા રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ,
તેણે મનડાં હર્યા રે લોલ.

વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ,
કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ,
કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

પદ - ૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ,
વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારું તલખે જોવા કાજ,
ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલ તારી નાસિકા નમણી નાથ,
અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન,
જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા દંત દાડમનાં બીજ,
ચતુરાઈ ચાવતાં રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ,
મીઠું મીઠું ગાવતાં રે લોલ.
વહાલા તારે હસવે હરાણું ચિત્ત,
બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ,
કે તમ કેડે ભમે રે લોલ.

પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ,
રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય,
કે જાય ચિત્તડું ચળી રે લોલ.

વહાલા તારી જમણી ભુજાને પાસ,
રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક,
અનુપમ સાર છે રે લોલ.

વહાલા તારા ઉરમાં વિનગુણ હાર,
જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન,
જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.

રસિયા જોઈ તમારું રૂપ,
રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,
સુંદરવર છેલડા રે લોલ.

પદ - ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ,
જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ,
આવોને મારે બારણે રે લોલ.

વહાલા તારી આંગળીઓની રેખા,
નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારાં ચિત્તમાં રાખું,
ચોરી કહું નહિ કોઈને રે લોલ.

વહાલા તારાં ઉરમાં અનુપમ છાપ,
જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારે હૈડે હરખ ન માય,
જાણું જે હમણા મળો રે લોલ.

વહાલા તારું ઉદર અતિ રસરૂપ,
શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ,
મળું ભરી બાથજી રે લોલ.

પદ - ૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ,
રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર,
કે છાશ તે નવ પીવે રે લોલ.

વહાલા મારે સુખસંપત્ત તમે શ્યામ,
મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ,
હસીને બોલાવતા રે લોલ.

વહાલા તારું રૂપ અનુપમ ગૌર,
મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ,
કે ચિત્ત ચરણે નમે રે લોલ.

આવો મારા રસિયા રાજીવનેણ,
મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ,
મંદિર મારે ડોલતા રે લોલ.

પદ - ૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ,
ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ,
આવોને ઓરા અમ ભણી રે લોલ.

વહાલા તારી નાભી નૌતમ રૂપ,
ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય,
કે મન રંગચોળ છે રે લોલ.

વહાલા તારી જંઘા જુગલની શોભા,
મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની,
કોઈને નવ કહું રે લોલ.

વહાલા તારા ચરણ કમળનું ધ્યાન,
ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,
રાખું મારા ચિત્તમાં રે લોલ.

પદ - ૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ,
વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરુણ રસાળ,
ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ,
કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક,
જોવાને મન દીન છે રે લોલ.
વહાલા તારા નખની અરૂણતા જોઈ,
શશિકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત,
જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત,
રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી,
દેજો દાન દાસને રે લોલ.

❋ રાગ : ગરબી ❋

રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું રે..શ્યામ

રે તમ વિના સુખ સંપત કહાવે,
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ ના'વે રે..શ્યામ ૨

રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી રે..શ્યામ ૩

છે અખંડ અલૌકિક સુખ સારું,
તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું રે..શ્યામ ૪

રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું રે..શ્યામ ૫

❋ રાગ : ધોળ ❋

અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ..ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ..અક્ષર
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી સાચી સગાઈઓ રાજ..અક્ષર
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ..અક્ષર
દેવોના દેવ વ્હાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ..અક્ષર
પ્રેમાનંદનો વ્હાલો આનંદકારી,
પોતાના જનની વા'લે લાજ વધારી રાજ..અક્ષર

❋ રાગ : બિહારી ❋

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતન કે વિશ્રામ..પોઢે
અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભુપર ઠામ;

જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ..પોઢે

શારદ શેષ મહેશ મહા મુનિ, જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, હોવત જન નિષ્કામ..પોઢે

પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરનઢિગ ગુન, ગાવત આઠો જામ..પોઢે

❋ રાગ : ગરબી ❋

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નિંદરા ભરાણી રે..પોઢો

હાં રે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે..પોઢો

હાં રે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારે રે..પોઢો

હાં રે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે..પોઢો

હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે..પોઢો

કીર્તન

આજ સખી આનંદની હેલી,
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી..૧
મહા રે મુનિના ધ્યાનમાં નાવે,
તે રે શ્યામળિયોજી મુજને બોલાવે..૨
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે,
તે રે શ્યામળિયોજી મુજને રે પ્રીછે..૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠા મળ્યાં અક્ષરવાસી..૪
તપ રે તીરથમાં હું કંઈ નવ જાણું,
સહેજે સહેજે હું તો સુંખડા રે માણું..૫
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા,
વાતની વાતે વાલો અઢળક ઢળિયા..૬

પદ - ૨

મહેર કરી મારે મંદિર આવ્યા,
થાળ ભરીને મોતીડે વધાવ્યા..૧
આનંદ અંગે ન માય મારી બેની,
હરિવર ભેટતાં લજ્જા રે શાની..૨

દુરિજન મન રે માને તેમ કહેજો,
સ્વામીજી મારા હૃદિયામાં રહેજો..૩
જે રે જોઈએ તે માંગજો માવા,
ત્રિકમ તમને હું નહીં દઉં જાવા..૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું,
હરિવર મારા હૃદિયામાં રાખું..૫
કોણ રે પુણ્યે હું હરિવર પામી,
ભલે મળ્યા જેરામના સ્વામી..૬

પદ - ૩

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે,
સ્વામિનારાયણ મળિયા રે ત્યારે..૧
નેણે મોહનવર નીરખ્યા જ્યારે,
પૂરણકામ થયું મારું ત્યારે..૨
પ્રેમે કરી મંદિર પધરાવ્યાં,
શ્યામ સુંદરવર મનડે રે ભાવ્યા..૩
નીરખી નારાયણ મૂરતિ જ્યારે,
ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે..૪

કેસર ચંદન ચરચ્યું છે ભાલે,
હસતાં સુંદર ખાડા પડે છે ગાલે..૫
કાનમાં કુંડળ મકરાકાર શોભે,
જેરામ કહે મન જોઈ જોઈ લોભે..૬

પદ - ૪

શિર પર કેશ શોભે અતિ સારા,
મોહનવર મારી આંખોના તારા..૧
ભ્રકુટિ કુટિલ શોભી રહી સારી,
જોઈ જોઈ મોહી સર્વે વ્રજનારી..૨
હાર હૈયામાં પહેર્યા વનમાળી,
ભ્રમર આવે તિયાં સુગંધ ભાળી..૩
બે સ્તન શ્યામ શોભે અતિ સારા,
જાણે ઊગ્યા આકાશમાં તારા..૪
નાભિ નૌતમ ઊંડી છે ભારી,
બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી..૫
જાનુ જુગલ શોભે અતિ સારા,
જેરામ કહે દેખે દાસ તમારા..૬

❋ રાગ : પરજ; પદ - ૧ ❋

જોઈ મૂરતિ મનોહર તારી,
માવા રે મારાં નેણાં લોભાણાં...ટેક૰
મોળીડા ઉપર નવલ કલંગી,
શોભે છે અતિ સારી...માવા૰ ૧
હેત કરીને હૈડાની ઉપર,
માળા મોતીડાંની ધારી...માવા૰ ૨
અતિ રે શોભે છે છાતી ઉપડતી,
ચાલ જગતથી ન્યારી...માવા૰ ૩
બ્રહ્માનંદ કહે એ છબી ઉપર,
સરવસ નાખું વારી...માવા૰ ૪

પદ - ૨

તારી લાવણ્યમાં લેવાણી,
વાલા રે મારા નવલ વિહારી...ટેક૰
મૂરતિ મનોહર જોઈને તારી,
ભૂલી હું ભરવું પાણી...વાલા૰ ૧
પૂરણ ચંદ્ર સરીખું મુખડું,

ભ્રકુટિમાં ભરમાણી...વાલા૦ ૨

છોગલિયે ચકચુર થઈ છું,
ડોલરિયા વ્રજદાણી...વાલા૦ ૩

બ્રહ્માનંદ કહે જોઈ તારાં નેણાં,
વેણામાં વેંધાણી...વાલા૦ ૪

❋ રાગ : ગરબી પદ - ૧ ❋

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે, શ્રીઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રીઘન૦

ઊંડી નાભી છે ગોળ ગંભીર રે...શ્રી૦
રૂડા લાગો છો શ્યામ શરીર રે...શ્રી૦ ૧

તારી છાતી ઉપડતી શ્યામ રે...શ્રી૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે...શ્રી૦ ૨

તારા મુખની શોભા જોઈ રે...શ્રી૦
રાખું અંતરમાં પ્રોઈ રે...શ્રી૦ ૩

તારાં નેણાં કમલ પર વારી રે...શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી૦ ૪

પદ - ૨

કીનખાપની ડગલી પે'રી રે સહજાનંદ સ્વામી,
સુરવાળમાં નાડી હીર કેરી રે...સહજાનંદ૰
માથે મોળિયું નૌતમ ભાળી રે...સહ૰
મોટી ભવની વેદના ટાળી રે...સહ૰ ૧
કેડે રેંટો કસુંબી શોભે રે...સહ૰
જોઈ મનડું મારું લોભે રે...સહ૰ ૨
ખભે ધોતી અતિ રૂપાળી રે...સહ૰
હાથે સોટી છે ફુમકાવાળી રે...સહ૰ ૩
ભવ બૂડતાં ઝાલ્યો મારો હાથ રે...સહ૰
મંજુકેશાનંદના નાથ રે...સહ૰ ૪

❋ રાગ : પરજ ❋

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું, ધર્મકુંવરનું;
મોતીડે મોળિયું સુંદર, મોતીડે મોળિયું, રસિક સુંદરનું.
ભાલ વિશાળમાં સુંદર, ભાલ વિશાળમાં, તિલક કેસરનું;
ભ્રકૂટિ સુંદર જાણીએ, ભ્રૂકુટિ સુંદર રે, ઘર મધુકરનું.
કરણે કુંડળિયાં કાજુ, કરણે કુંડળિયાં, જડિયલ મોતીએ;

ગૌર કપોળમાં ઝળકે, ગૌર કપોળમાં, ઝળળળ જ્યોતિએ.
નેણાં રંગીલાં લાલ, નેણાં રંગીલાં, કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી, ઠરી છે આંખડી.

❋ રાગ : ગરબી ❋

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની;
જીવન જોયા લાગ છે રે...ટેક૰

તરુણ મનોહર મૂરતિ રે,
રેખા ઉઠે નાની નાની...જીવન૰ ૧

મસ્તક મુગટ જડાવનો રે,
કુંડલ મકરાકાર...જીવન૰ ૨

કેસર તિલક લલાટમાં રે,
જોઈ જોઈ વાધે પ્યાર...જીવન૰ ૩

ઉરમાં અનુપમ ઉતરી રે,
કંચન કેરી અનુપ...જીવન૰ ૪

રતને જડિત બાજુ બાંધીયા રે,
સુર નર મુનિને ભુપ...જીવન૰ ૫

વેઢ વીંટિયું કડા સાંકળાં રે,
શોભે છે કરવર માંય...જીવન૦ ૬
પ્રેમાનંદ છબી ઉપરે રે,
તન મન ધન બલજાય...જીવન૦ ૭

❋ રાગ : જંગલી ઠુંમરી ❋

શોભે શોભે રસિકવર છેલ રે,
હરિ ધર્મકુંવર સુખકારી..ટેક૦
રાજત શિરપર જરકશી પગિયાં,
બંકી કલંગી લટકેલ રે..હરિ૦ ૧
ગજરા શેખર હાર બાજુબંધ,
ગુચ્છ ગુલાબી ધરેલ રે..હરિ૦ ૨
કેસર તિલક મનોહર કીનો,
કુંડળ નંગ જડેલ રે..હરિ૦ ૩
કૃષ્ણાનંદ કહે નાથ નિરંતર,
ઉરમાં વસો અલબેલ રે..હરિ૦ ૪

❋ રાગ : ગરબી ❋

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે,
શિર અજબ કલંગી શોભતી..અલ૰
હૈડામાં રાખ્યા લાગ..રંગ૰ ૧
મોળીડું છાયું મોતીએ..અલ૰
ફૂલડાંની સુંદર ફોર..રંગ૰
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના..અલ૰
જોઈ ભ્રમર ભમે તે ઠોર..રંગ૰ ૨
તારી પાઘલડીના પેચમાં..અલ૰
મારું ચિત્તડું થયું ચકચૂર..રંગ૰
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ..અલ૰
વણદીઠે ઘેલી તૂર..રંગ૰ ૩

❋ રાગ : ગરબી; પદ - ૧ ❋

વાલા મારી સુધ બુધ તેં હરી લીધી રે;
તારે લટકે વેરાગણ કીધી..વાલા૰
તારી નવલ કલંગી દીઠી રે,

મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠ્ઠી..વાલા૦ ૧

જોયું મોળીડું આંટે ફરતું રે,
પળ એક નથી વિસરતું રે;
મારું હૈડું ધીરજ નથી ધરતું..વાલા૦ ૨

ભાલે આડ કેસર કેરી ભાળી રે,
રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;
જાણે મન પકડ્યાની છે જાળી..વાલા૦ ૩

વાંકી ભ્રૂકુટિ ઘણી મન ભાવી રે,
બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચઢાવી..વાલા૦ ૪

પદ - ૨

પ્યારા તારી પ્યારી લાગે છે પાપણિયાં રે;
જોઈ ભેખ લીધો મેં જોગણિયાં..પ્યારા

તારાં લોચનબાણ તીખડિયાં રે,
ઘણા જાદુ હથોડીનાં ઘડિયાં રે;
આવી ઓચિંતા મુજ પર પડિયાં..પ્યારા૦ ૧

તારી નાસિકા સુંદર નમણી રે,
છે જો દીપક કીર લજમણી રે;
એ તો જીવનદોરી છે અમણી..પ્યારા૦ ૨
કાને કુંડલ નૌતમ ધરિયાં રે,
ભારે નંગ વળી રંગ ભરિયાં રે;
આવી અંતરમાં ઊંડાં ગરિયાં..પ્યારા૦ ૩
દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે,
તિલ દક્ષિણ ગૌર કપોળે રે;
બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે..પ્યારા૦ ૪

❋ રાગ : ગરબી ❋

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂરતિ મરમાળી.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે,
મનડું ડોલે છે કેડે કેડે રે..મોહન૦ ૧
રંગડો જામ્યો છે ફૂલડાને તોરે,
ભ્રમર ભમે છે ચહુકોરે રે..મોહન૦ ૨
ભાલ તિલક કેસર કેરું રાજે,
મુખ જોઈ શશિયર લાજે રે..મોહન૦ ૩

બ્રહ્માનંદ કહે સરવસ વારું,
રૂપ જોઈને વહાલા તારું રે..મોહન૰ ૪

❋ **રાગ : ગરબી પદ - ૧** ❋

ઓરા આવો મારા લેરખડા લે'રી,
કીધો તમ સારું મેં જગ વેરી...ઓરા૰
કાજુ નૌતમ જામા જરકસિયા,
શોભે પાઘલડી શિર સોનેરી...ઓરા૰ ૧
નંગ જડિયેલ બાજુ બેરખડા,
કર પોચી હેમકડાં પે'રી...ઓરા૰ ૨
તમે રસિયા રંગડાના ભરિયા,
મુખ મોરલડી વાતા ઘેરી...ઓરા૰ ૩
બ્રહ્માનંદના છેલા છોગાળા,
ચાલો ચાલ મલપતા ગજ કેરી...ઓરા૰ ૪

પદ - ૨

વા'લું લાગે મને મોહન મુખ તારું,
છે જો પૂરણચંદ્ર થકી સારું...વા'લુ૰
તારા મુખડાની મીઠી લાવણતા,

જોઈ કોટી કોટી કંદર્પ વારું...વા'લુ૦ ૧
શુભ ગૌર કપોળે તિલ ત્રાજુ,
તેમાં લોભાણું મનડું મારું...વા'લુ૦ ૨
તારા મુખની શોભા મરમાળા,
નિત્ય નીરખી અંતરમાં ધારું...વા'લુ૦ ૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને,
છે જો કોડીલું કામણગારું...વા'લુ૦ ૪

રાગ : ખમાચ

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે..ટેક૦
જરકસિયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી;
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતા રે...રૂડા૦૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે...રૂડા૦૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ શમાવતા રે...રૂડા૦૪

❋ રાગ : પરજ ❋

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હૈડા કેરો હાર..તારી૰
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું,
ગજરામાં ગુલતાન...તારી૰ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી,
વ્રજનારીને ધીર...તારી૰ ૨
બાંય જડાઉં બાધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે,
નેણે જાદુ જોર...તારી૰ ૩

❋ રાગ : કરાઈડો ❋

તારુ છોગું આવીને મારે, ચિત્તમાં રહ્યું...ટેક૰
જગના જીવન રૂડું છોગું જોઈને,
અંતરમાં અજવાળું થયું...તારું૰
સુંદર શ્યામ સોહાગી તારું,

મુખ નીરખીને દુઃખ દૂર ગયું...તારું૦૧
આનંદ સહિત થયું સુખ અંતર,
એક જીભે નવ જાય કહ્યું...તારું૦૨
બ્રહ્માનંદ કહે એ છોગા સારું,
લોકડિયાનું અમે મેણું સહ્યું...તારુ ઉં

❋ **રાગ : ધનાશ્રી** ❋

મારા કેસરિયા વર કાન, જાઉં તારે વારણિયે;
મોહી છું મોરલડીને તાન, આવી ઊભી બારણિયે;
આવી વસ્યું છે મારે અંતરે રે, વાલા રૂપ અલૌકિક તારુ;
છેલ છબીલા તારું છોગલું રે,
મુને પ્રીતમ લાગે પ્યારું રે...જાઉં૦ ૧
સુભગ સોના કેરાં સાંકળાં રે, માંહી ચૂની રતન જડાઉં;
નવલ રંગીલા મારા નાથજી રે,
હું તો પ્રેમે કરીને પે'રાવું રે...જાઉં૦ ૨
ફૂલતણી રે માળા ફુટડી રે, વારી પ્રાણજીવન તમે પે'રી;
બ્રહ્માનંદના વાલમા રે,
મારે લાડકડા રંગ લે'રી રે...જાઉં૦ ૩

❋ રાગ : કાફી ❋

અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર;
નેણ તણા શણગાર,
ગુણવંત માણકીના અસવાર...અમર૦

માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે,
રૂમાલ ધોળો સાર...અમર૦ ૧

ભાલ વિશાળ તિલક કેસરનું, કુંકુમચંદ્ર ઉદાર;
કામ તણા મદને હરનારી,
ભ્રકુટિ ધનુષ આકાર...અમર૦ ૨

દીપશિખા શુક ચંચુલ ભારી, નાસા નમણી સાર;
દંત છબી જોઈને લાજે છે,
અધોમુખ ઝુરે અનાર...અમર૦ ૩

બિંબ નવાંકુર પરવાળાથી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખ પર વારું,
ચંદ્ર સરોજ હજાર...અમર૦ ૪

❋ રાગ : ગરબી ❋

મારા નેણા તણા શણગાર રે,
મંદિર પધારો તમે માવજી રે...ટેક૰
હાંરે વહાલા, તમ રે વિના ગમતું નથી રે;
મારા હરિવર હૈડાના હાર રે...મારા૰ ૧
હાંરે વહાલા, ચટક રંગીલી પહેરી ચાખડી રે;
ઓરા આવોને પ્રાણ આધાર રે...મારા૰ ૨
હાંરે વહાલા, પ્યારી રંગીલી બાંધી પાઘડી રે;
રૂડા ઝળકે સોનેરી માંહી તાર રે...મારા૰ ૩
હાંરે વહાલા, બ્રહ્માનંદ કહે હવે તમ વિના રે;
મુને ઝેર થયો સંસાર રે...મારા૰ ૪

❋ રાગ : પરજ ❋

નેણામાં રાખું રે નેણામાં રાખું રે નાથજીને,
જતન કરીને રે મારાં નેણામાં રાખું..ટેક૰
શિવ સનકાદિક શુક જેવા જોગી,
હાંરે જેની વાટું જુવે છે લાખું રે..નાથ૰૧

છેલ છબીલાજીની મૂરતિ ઉપર,
હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે..નાથ૦૨
નયણે નિરખી હરિને ઉરમાં ઉતારું,
હાંરે એના ગુણલા નિશદીન ભાખું રે..નાથ૦૩
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત,
હાંરે હું તો પ્રેમ કરી નિત્ય ચાખું રે..નાથ૦૪

❋ રાગ : કાફી; પદ - ૧ ❋

માવા તારી મૂર્તિમાં મોહી મોહી રે..પ્યારા ટેક૦
તમ વિના નાથ ત્રિલોકમાંહી,
વા'લું બીજું નથી રે કોઈ કોઈ રે..પ્યારા૦ ૧
કમર કટારો લાગત પ્યારો,
જીવું છું હું છોગલિયું જોઈ જોઈ રે..પ્યારા૦ ૨
મનમોહન તારી નવલ છબીમાં,
રહી છું ચિત્તડું પ્રોઈ પ્રોઈ રે..પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે તમ સારું,
કુળ મરજાદા ખોઈ ખોઈ રે..પ્યારા૦ ૪

પદ - ૨

રાજ મારે મંદિરિયે તમે રહો રહો..રાજ ટેક૰

દરસ પરસ કેરે દાન કરીને,
દુર્મતિ દુબધા દહો દહો રે..રાજ૰ ૧

કાનકુંવર અતિ હેતે કરીને,
ગુણિયલ બાંયલડી ગ્રહો ગ્રહો રે..રાજ૰ ૨

જગના જીવન પોતાનાં રે જાણીને,
કહેવું હોય તે કહો કહો રે..રાજ૰ ૩

બ્રહ્માનંદના નાથ રંગીલા,
અવગુણ અમારા સહો સહો રે..રાજ૰ ૪

❋ રાગ : ઘોળ પદ - ૧ ❋

હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે જીહો,
જોઈને જીવું છું સુંદર મૂરતિ રે;
હાંરે મારા નેણાંતણો શણગાર છે જીહો,
અળગો ન મેલુ હવે ઉરથી રે;
હાંરે મારું ચિતડું ચોરાણું એની ચાલમાં,

હાંરે હું તો વશ થઈ છું એના વાલમાં જીહો..જોઈ૰
હાંરે મારા ઉરમાં ખુંત્યો છે છેડો પાઘનો,
હાંરે કાંઈ પાર નહિ મારા ભાગ્યનો જીહો..જોઈ૰
હાંરે હું તો દાસી છું કૃપા નિધાનની,
હાંરે મને ચાવીને આપી છે બીડી પાનની જીહો..જોઈ૰
હાંરે દયા હેતનો ભર્યો છે અલબેલડો,
હાંરે પ્રેમાનંદનો વા'લો રંગછેલડો જીહો..જોઈ૰

પદ - ૨

મારે લગની લાગી છે ઘનશ્યામની જીહો,
નહીં રે ડરું લોક લાજથી રે;
હાંરે મારે રટના લાગી છે એના નામની જીહો,
નિરભે થઈ હું તો આજથી રે,
હાંરે મારા પ્રાણના જીવન ઘનશ્યામ છે,
હાંરે મારે સુખ સંપત એનું નામ છે જીહો...નહીં૰
હાંરે મારે એક આશ છે ઘનશ્યામની,
હાંરે હું તો માળા જપું છું એના નામની જીહો...નહીં૰

હાંરે મારે સર્વસ્વ શ્રીઘનશ્યામ છે,
હાંરે મારે એ વિના બીજું હરામ છે જીહો...નહીંo
હાંરે મારે ઈષ્ટ ઘનશ્યામ સુખધામ છે,
હાંરે પ્રેમાનંદ જોઈ પૂરણકામ છે જીહો...નહીંo

❋ રાગ પરજ ❋

હરિવર હીરલો રે હીરલો લાધ્યો રે મંદિરમાં..ટેકo
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક,
મોંઘા મૂલો છબીલો માધો..હીરલોo
ખાતાં પીતાં સુતાં બેઠા સ્વપ્નામાં,
અળગો ન મેલું ક્ષણું આધો..હીરલોo
કોડે કોડે રે જાજા જતન કરીને,
મારા જીવ સંગાથે મેં તો બાંધ્યો..હીરલોo
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું,
બે'ની જેમ ગુંગે ગુડ ખાધો..હીરલોo

❋ મને પ્યારી લાગે મૂર્તિ ❋

મને પ્યારી લાગે મૂર્તિ તમારી,
ઘનશ્યામજી પ્યારી લાગે મૂર્તિ તમારી..ટેકo

કુંકુમનો ચાંદલો ને ભાલે તિલક વચ્ચે,
હાંરે તમે ભાળોને ભ્રમણા ભુલાવી..ઘનશ્યામ૦
કાને કુંડળ હરિને માથે મુગટ શોભે,
હાંરે કંઠે ધારી માણેક જડી માળા..ઘનશ્યામ૦
જામો જરિયાની પહેર્યો સોનેરી સુરવાળ છે,
હાંરે તમારી કેડે કસ્યો છે કંદોરો..ઘનશ્યામ૦
મૂર્તિમાં મગ્ન થઈ ચરણોમાં ચિત્ત દઈ,
હાંરે જાય દાસ નારાયણ વારી..ઘનશ્યામ૦

❋ રાગ : પરજ ❋

ઓરા આવો મારા લેરખડા લે'રી,
કીધો તમ સારું મે જગવેરી..ઓરા૦
કાજુ નૌતમ જામા જરકસિયા,
શોભે પાઘલડી શિર સોનેરી..ઓરા૦
નંગ જડિયેલ બાજુ બેરખડા,
કર પોચી હેમકડાં પેરી..ઓરા૦
તમે રસિયા રંગડાના ભરિયા,
મુખ મોરલડી વાતા ઘેરી..ઓરા૦
બ્રહ્માનંદના છેલા છોગાળા,
ચાલો ચાલ મલપતા ગજ કેરી..ઓરા

એકાદશીના પદ

ઉત્સવની પ્યારી કેશવની,
આજ એકાદશી ઉત્સવની...ટેક૦

કોટિક ગૌ કેરાં દાન કરે પણ,
ના'વે તોલે એના લવની...આજ૦

મંગળ રૂપ સદા સુખકારી,
વહાલી નિધિ જન વૈષ્ણવની...આજ૦

વચન પ્રમાણે કરે વ્રત તેને,
ત્રાસ મટે રે મૃત્યુ ભવની...આજ૦

બ્રહ્માનંદ કહે એ વ્રત કરવું,
એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની...આજ૦

પદ – ૨

હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ,
આજ એકાદશી હરખ અતિ...ટેક૦

મનમોહન મારે મંદિર આવ્યા,
અધિક થઈ હુંતો પુણ્યવતી...આજ૦

પીતાંબર આભુષણ પહેરી,
ચાલતા વહાલો હંસ ગતી...આજ૦
પુરુષોત્તમ પૂરણવર પામી,
રહી નહિ ખામી હવે એક રતિ...આજ૦
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં,
ચૌદ ભુવનમાં હું થઈ રે છતી...આજ૦

❋ રાગ : ગરબી; પદ – ૧ ❋

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે..કોડે
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટીક વાર જાહ્નવી રે..કોડે
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે..કોડે
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે..કોડે
બ્રહ્માનંદ કહે એમા હરિ રહ્યાં વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે..કોડે

અન્ય પદ

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ..૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ..૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર..૩
આપ્યો મેંતો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર..૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આાવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર..૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ..૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય..૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય..૮

રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ..૯

પદ - ૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ..૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર..૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર..૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત..૪
સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ નયનની કોર..૫
હસતાં હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ..૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર..૭

વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર..૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ..૯

પદ - ૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન..૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત..૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ..૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય..૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર..૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન..૬

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય..૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી..૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વાલો વરસ્યા અમૃત મેહ..૯

પદ - ૪

વળી સહુ સાંભળો રે, મારી, વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ..૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ..૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચ વિષયની આશ..૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર..૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ..૫

સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ..૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ..૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ..૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર..૯

❋ રાગ : ધોળ; પદ - ૧ ❋

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે..૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે..૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે..૩
મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે..૪

શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે..૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે..૬

પદ - ૨

જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે,
હીરની નાડી સુંથણલી સોનેરી રે..૧
જરકસી જામો બુટ્ટાદાર રે,
કસિયો કમર સોનેરી કટાર રે..૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે,
કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે..૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે,
આવી ઉપર ભ્રમર કરે છે ગુંજાર રે..૪
પોંચી કડાં બાંયે બાજુ બંધ રે,
નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃંદ રે..૫
વેગે જુઓ વરણાગિયો વનમાળી રે,
શીતળ થાયે ભૂમાનંદ કે' ભાળી રે..૬

પદ - ૩

મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે,
નેત્ર છડી કરમાં ફૂમકિયાળી લાલ રે..૧
મંદ હાસ ચપળ નેણાં ચિત્ત ચોરે રે,
કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે..૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે,
અધર ધરી મોરલી મનોહર વાય રે..૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે
નાસા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે..૪
અધર લાલ માંહી મધુરું હાસ રે,
દંત પંક્તિ કરે અતિશે પ્રકાશ રે..૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે,
તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે..૬

પદ - ૪

ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લવાસી રે,
જેને કે છે અક્ષરાતીત અવિનાશી રે..૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,

વરી એને થાઓ અખંડ સોહાગી રે..૨
જોતાં વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે..૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાનું પાન રે..૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે..૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે..૬

❋ રાગ : મલાર; પદ - ૧ ❋

મારા વાલાજી શું વાલપ દીસે રે,
તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે..ટેક૰
સન્મુખ જાતાં શંકા ન કીજે,
મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે,
કાચી તે કાયા પડશે રે..તેનો૰ ૧

શૂળી ઉપર શયન કરાવે,
તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે,
તેનું સુખ દુઃખ સર્વે સહીએ રે..તેનો૰ ૨

અમૃતપેં અતિ મીઠાં મુખથી,
હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા,
જેનાં દર્શન કરવાને આવે રે..તેનો૰ ૩

નરક કુંડથી નરસું લાગે,
દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે,
વહાલા વાસ દેજો હરિજનમાં રે..તેનો૰ ૪

પદ - ૨

મારા હરજી શું હેત ન દીસે રે,
તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે...ટેક૰

હેત વિના હુંકારો ન દેવો,
જેનું હરખે શું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે,
જેની આંખ્યુમાં પ્રેમ ન દીસે રે..તેને૰ ૧

ભક્તિ ભાવનો ભેદ ન જાણે,
ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે,
પછી ઉલેચી અંધારૂં ટાળે રે..તેને૰ ૨

નામ તણો વિશ્વાસ ન આવે,
ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને,
પછી તટમાં જઈને કૂપ ખોદે રે..તેને૰ ૩

પોતાના સરખી કરીને જાણે,
પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા,
ઓલ્યા મતિયાં કહે છે માયા રે..તેને૰ ૪

❋ શોભા શી કહુ રે ❋

શોભા શી કહુ રે રૂડી,
વરણન કરતાં જાય ચિત બૂડી;
હરિવર જોયા રે રંગમાં,
મોહી હું તો રસિયાજીના અંગમાં..૧
ઉદર અનુપમ રે નીરખી,
ઉપમા પીપળ પાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભે,
જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે..૨
નાભિ ઊંડી રે રૂપાળી,
બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં,
મૃગપતિ લાજી રહ્યો મહા વનમાં..૩
હરિએ ઉપવીત રે ધારી,
મુનીનાં મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી,
આવા રૂડા પ્રેમસખીના સ્વામી..૪

પદ - ૨

હરિને નિરખ્યા રે નેણે,
વહાલાને વરણવું સુંદર વેણે;
શ્યામ શરીરે રે શોભે,
આજાન બાહુ ચિત્તડાં લોભે..૧
મૂર્તિ ઉંચી રે વખાણું,
સવા ચોસઠ તસુ પરમાણું;
સુંદર શોભે રે શરીરે,
પીત પટ પહેર્યા છે બળવીરે..૨
ઘેરે સાદે રે ગાજે,
સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવે રે પાસે,
કેસર સરખો સુગંધ શ્વાસે..૩
કૌતુહલના રે ભરિયા,
જોગ કળાના પૂરણ દરિયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી,
આવા રૂડા પ્રેમસખી વર પામી..૪

પદ - 3

રંગનો ભીનો રે જોઈ,
હરિના જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા,
નીરખી મનમાં રાખ્યા જેવા..૧
ગોળ છે જાડા રે સ્વરૂપે
ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભા રે ધામ,
વ્રજવનિતાના પૂરણ કામ..૨
સુંદર શોભે રે જાનું,
નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નીરખી,
ચંદન ચરચી મનમાં હરખી..૩
ઘુંટી અનુપમ રે પાની,
નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી,
પૂજી પ્રેમસખી બલીહારી..૪

પદ - ૪

ચરણ હરિના રે શોભે,
જોઈ જોઈ મુનિમન મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી,
સોળે ચિહ્ન તણી બલીહારી..૧
મચ્છ તે મહા સુખ રે આપે,
ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે,
વ્યોમ તે તાપ હૈયાના ઠારે..૨
અર્ધ ચંદ્ર ઊગ્યો રે ભારી,
સ્વસ્તિક અષ્ટકોણ મંગળકારી;
જવ ને જાંબુ રે વિરાજે,
વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે..૩
અંબુજ શોભા રે સારી,
લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે,
નિત્ય ઊઠી પ્રેમસખી ઉર ધારે..૪

પદ - ૫

એ ચરણના રે ભોગી,
શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે,
તેણે કરી કામાદિક રિપુ જીતે..૧
ધ્યાનમાં નખમણિ રે દેખે,
ઝીણી આંગળિયોની રેખે;
જોઈ ચિહ્ન જમણે રે અંગુઠે,
બીજે નવ રાચે ભામે જુઠે..૨
ઋષિગણ પુજે રે આનંદે,
ભવ બહ્માદિક નિત્ય ઊઠી વન્દે;
શેષ સંભારે રે મનમાં,
પુજે ગોવાળ વૃંદાવનમાં..૩
કુચને કુમકુમ રે સમારી,
ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર,
પ્રેમસખી કરી રાખે ઉર હાર..૪

પદ - ૬

સુંદર શોભે રે રસિયો,
વહાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ,
ઉપમા તોલે નાવે કોઈ..૧
નિત્ય ઊઠી નારદ રે ગાવે
શેષ સહસ્ર મુખ પાર ન પાવે;
શ્રી નારાયણ રે સ્વામી,
હું તો એ જોઈને આનંદ પામી..૨
નખશિખ શોભા રે વખાણી,
સુફળ કરું છું મરી વાણી;
અંગોઅંગને રે ગાઉં,
હવે હું પાછી ભવમાં નાવું..૩
હવે હું તો થઈ છું રે માતી,
હરિના ગુણસાગરમાં નાતી;
વહાલે મને ઝાલી રે હાથે,
રસિયે પ્રેમસખીને નાથે..૪

❋ 'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા ❋

રાગ : ઉપજાતિ

જે સ્વામિનારાયણ નામ લેશે,
તેના બધા પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક,
સર્વોપરી આજ ગણાય એક. ૧

જો સ્વામિનારાયણ એક વાર,
રટે બીજા નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું,
કરી શકે કોણ વર્ણન એનું. ૨

ષડક્ષરી મંત્ર મહા સમર્થ,
જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે. ૩

ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ,
જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્તો જનો વસાય,
આ કાળમાં તો જપ એજ થાય. ૪

જો અંતકાળ શ્રવણે સુણાય,
પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભુત પિશાચ ભાગે,
તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે. ૫
તે મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો જમ નાસી જાય;
શ્રીસ્વામિનારાયણ જે કહેશે,
ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ૬
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર,
તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે,
સર્વ ક્રિયામાં સમરો સદાયે. ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે,
આ નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય,
આ નામથી અંતર શુદ્ધ થાય. ૮
જેણે મહાપાપ કર્યા અનંત,
જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;

તે સ્વામિનારાયણ નામ લેતા,
લાજી મરે છે મુખથી કહેતા. ૯
શ્રીસ્વામિનારાયણ નામ સાર,
છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું,
બળ્યાં વિના કેમ રહે જ તેનું. ૧૦

❋ **રાગ : પરજ** ❋

સ્વામિનારાયણ નામ,
વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...ટેક૦
રાત દિવસ મારા રૂદિયા ભીંતર,
જપીશ આઠું જામ રે...વ્હાલું૦
ભવજળ તરવા પાર ઉતરવા,
ઠરવાનું છે મારે ઠામ રે...વ્હાલું૦
સર્વોપરી શ્યામ છે નરવીર નામ,
સુંદર સુખડાનું ધામ રે...વ્હાલું૦
નિષ્કુળાનંદના નાથને ભજતાં,
વારે તેનું નહિ કામ રે...વ્હાલું૦

❋ પ્રાર્થના ❋

નમન હું કરું વિશ્વપાળને,
કરગરી કહું ભક્તિબાળને;
અરજ માહ્યરી ઉરમાં ધરો,
વિપત્ત માહ્યરી શ્રીહરિ હરો..૧

અવર આશરો માહરે નથી,
સર્વ જાણને શું કહું કથી;
કઠણ કાળમાં આપ છો ધણી,
સુખદ શ્યામળા મુક્તના મણી..૨

અમરના પતિ આશ તાહરી,
રસિક રાખજો લાજ માહરી;
પ્રણતપાળ છો સર્વના પ્રભુ,
દીન દયાળ છો વિશ્વના વિભુ..૩

વિમળ મૂરતિ ઉરમાં વસો,
નજરથી પ્રભુ દૂર ના થશો;
અધિક ત્રાસને તોડી નાખજો,
નારાયણદાસને પાસ રાખજો..૪

❋ ફ્ગવા ❋

મહાબળવંત માયા તમારી,
જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે,
એહ માયા અમને ન વ્યાપે..૧

વળી તમારે વિષે જીવન,
ના'વે મનુષ્ય બુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ,
તેને સમજું અલૌકિક ખ્યાલ..૨

સતસંગી જે તમારા કહાવે,
તેનો કે'દી અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી,
કે'દી તમને ન ભૂલીયે હરિ..૩

કામ ક્રોધ ને લોભ કુમતિ,
મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતા આડું જે પડે,
માગીયે એ અમને ન નડે..૪

એટલું માગિયે છૈયે અમે,
દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગીયે અમે જેહ,
તમે સુણી લેજ્યો હરિ તેહ..૫

કે'દી દેશો મા દેહાભિમાન,
જેણે કરી વિસરો ભગવાન;
કે'દી કુસંગનો સંગ મ દેજ્યો,
અધર્મ થકી ઉગારી લેજ્યો..૬

કે'દી દેશો મા સંસારી સુખ,
દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ,
મદ મત્સર ઈર્ષા કાંઈ..૭

દેશો મા દેહ સુખ સંયોગ,
દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ,
દેશો મા અહંકારી સ્વભાવ..૮

દેશો મા સંગ નાસ્તિકનો રાય,
મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માંગતા અમે,
દેશો મા દયા કરીને તમે..૯

પછી બોલિયા શ્યામ સુંદર,
જાઓ આપ્યો તમોને એ વર;
મારી માયામાં નહિ મુંઝાઓ,
દેહાદિકમાં નહિ બંધાઓ.૧૦

મારી ક્રિયામાં નહિ આવે દોષ,
મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત,
સહુએ સત્ય કરી માની વાત.૧૧

દીધા દાસને 'ફગવા' એવા,
બીજું કોણ સમર્થ એવું દેવા;
એમ રમ્યા રંગભર હોળી,
હરિ સાથે હરિજન ટોળી.૧૨

❋ પ્રભુ ઈશના ઈશ ❋

પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી,
નમું દેવના દેવ ધામી અકામી;
દયાળુ કરો સુખ દુઃખો વિદારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૧

વિભુ આપજો શક્તિ કલ્યાણકારી,
વળી ટાળજો નાથ બુદ્ધિ નઠારી;
ન લાગે કદી સંગ ચિત્તે નઠારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૨

પ્રભુ પ્રીત જામે સદા ભક્તિમાંયે,
તમારો કદી આશરો ના તજાયે;
મળે સંત ને ભક્તનો સંગ સારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૩

ટળે કામ ને ક્રોધ જે લોભ આદિ,
મટે ગાઢ અજ્ઞાન જે છે અનાદિ;
બળે અંતરેથી બૂરા સૌ વિકારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૪

તૂટે પ્રીત સૌ ફેલ ફિતુરમાંથી,
નીતિ ભક્તિનો થાઉં સ્નેહે હું સાથી;
બનું ભક્ત સાચો કરી દેહ ન્યારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૫

સદા ધર્મના નીમ પાળું તમારાં,
તમોને તજે તેહ જાણું નઠારા;
ભજે જે તમોને મને તેહ પ્યારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૬

તમારું રુદે જ્ઞાન ચોખ્ખું ભરાયે,
મહિમા હંમેશાં વધારે જણાયે;
ડગે ના કદી ધર્મના સદ્‌વિચારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૭

છૂટે દેહ કે કોઈ સર્વસ્વ લૂંટે,
કદાપિ ખૂટે અન્ન ના નેહ તૂટે;
દઈ એટલું હાથ ઝાલી ઉગારો,
મને શ્રીહરિ આશરો છે તમારો..૮

શ્રીજનમંગલ સ્તોત્ર

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંઽજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગન્ધ પુષ્પહારાદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ ।
સંપૂજિતાય ભક્તોઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥

અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત નામસ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ। અનુષ્ટુપ છન્દઃ। ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્। બૃહદ્વ્રતધર ઈતિ શક્તિઃ। ભક્તિનન્દન ઈતિ કીલકમ્ । ચતુર્વર્ગ સિદ્ધયર્થે જપે વિનિયોગઃ।

❋ અથ ધ્યાનમ્ ❋

વર્ણિવેષરમણીયદર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનન્દનમહં વિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભોઃ ।
ભક્તિધર્માત્મજોઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥

હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટ દૈવતઃ ॥૬॥

મરુત્સુતપ્રિયઃ કાલી ભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્ તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥

યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્ તૈર્થિકાર્ચિતઃ ॥૮॥

ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વાતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥

પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિનિર્દોષોઽ સુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥

અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપુજકઃ ॥૧૧॥

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥

સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનઃ કરઃ કૌલદ્વિટ્કલિતારકઃ ॥૧૩॥

પ્રકાશરુપો નિર્દમ્ભ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસંપોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥

નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્ બ્રહ્મધામદર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥

આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥

કંદર્પદર્પદલનો વૈષ્ણવકતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥

પ્રગલ્ભો નિઃસ્પૃહઃસત્ય પ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥

નિરહંકૃતિરદ્રોહઃ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥

અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥

મનોનિગ્રહ યુક્તિજ્ઞો યમદુતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥

સદાચાર પ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥

❋ અથ ફલમાહાત્મ્યમ્ ❋

ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પેઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેત્ છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્ સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણ પ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્ત્યા પ્રતિદિનમસ્યાભિષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

ઈતિ શ્રીશતાનંદ-મુનિ વિરચિતં શ્રીજનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

શ્રી જનમંગલ નામાવલી

૦૧. ૐ શ્રીકૃષ્ણાય નમઃ
૦૨. ૐ શ્રીવાસુદેવાય નમઃ
૦૩. ૐ નરનારાયણાય નમઃ
૦૪. ૐ પ્રભવે નમઃ
૦૫. ૐ ભક્તિધર્માત્મજાય નમઃ
૦૬. ૐ અજન્મને નમઃ
૦૭. ૐ કૃષ્ણાય નમઃ
૦૮. ૐ નારાયણાય નમઃ
૦૯. ૐ હરયે નમઃ
૧૦. ૐ હરિકૃષ્ણાય નમઃ
૧૧. ૐ ઘનશ્યામાય નમઃ
૧૨. ૐ ધાર્મિકાય નમઃ
૧૩. ૐ ભક્તિનન્દનાય નમઃ
૧૪. ૐ બૃહદ્વ્રતધરાય નમઃ
૧૫. ૐ શુદ્ધાય નમઃ
૧૬. ૐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ
૧૭. ૐ મરુત્સુતપ્રિયાય નમઃ

૧૮. ૐ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ
૧૯. ૐ જિતેન્દ્રિયાય નમઃ
૨૦. ૐ જિતાહારાય નમઃ
૨૧. ૐ તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨. ૐ આસ્તિકાય નમઃ
૨૩. ૐ યોગેશ્વરાય નમઃ
૨૪. ૐ યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫. ૐ અતિધૈર્યવતે નમઃ
૨૬. ૐ જ્ઞાનિને નમઃ
૨૭. ૐ પરમહંસાય નમઃ
૨૮. ૐ તીર્થકૃતે નમઃ
૨૯. ૐ તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦. ૐ ક્ષમાનિધયે નમઃ
૩૧. ૐ સદોન્નિદ્રાય નમઃ
૩૨. ૐ ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩. ૐ તપઃપ્રિયાય નમઃ
૩૪. ૐ સિદ્ધેશ્વરાય નમઃ
૩૫. ૐ સ્વતન્ત્રાય નમઃ
૩૬. ૐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ


૩૭. ૐ પાષંડોચ્છેદનપટવે નમઃ
૩૮. ૐ સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
૩૯. ૐ પ્રશાંતમૂર્તયે નમઃ
૪૦. ૐ નિર્દોષાય નમઃ
૪૧. ૐ અસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨. ૐ અતિકારુણ્યનયનાય નમઃ
૪૩. ૐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪. ૐ મહાવ્રતાય નમઃ
૪૫. ૐ સાધુશીલાય નમઃ
૪૬. ૐ સાધુવિપ્રપૂજકાય નમઃ
૪૭. ૐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮. ૐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯. ૐ સ્વામિનારાયણાય નમઃ
૫૦. ૐ સ્વામિને નમઃ
૫૧. ૐ કાલદોષનિવારકાય નમઃ
૫૨. ૐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
૫૩. ૐ સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ
૫૪. ૐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ


૫૫. ૐ કૌલદ્વિષે નમઃ
૫૬. ૐ કલિતારકાય નમઃ
૫૭. ૐ પ્રકાશરૂપાય નમઃ
૫૮. ૐ નિર્દંભાય નમઃ
૫૯. ૐ સર્વજીવહિતાવહાય નમઃ
૬૦. ૐ ભક્તિસંપોષકાય નમઃ
૬૧. ૐ વાગ્મિને નમઃ
૬૨. ૐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ
૬૩. ૐ નિર્મત્સરાય નમઃ
૬૪. ૐ ભક્તવર્મણે નમઃ
૬૫. ૐ બુદ્ધિદાત્રે નમઃ
૬૬. ૐ અતિપાવનાય નમઃ
૬૭. ૐ અબુદ્ધિહૃતે નમઃ
૬૮. ૐ બ્રહ્મધામદર્શકાય નમઃ
૬૯. ૐ અપરાજિતાય નમઃ
૭૦. ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧. ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ૐ ઉદારાય નમઃ


૭૩. ૐ સહજાનંદાય નમઃ
૭૪. ૐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. ૐ કન્દર્પદર્પદલનાય નમઃ
૭૬. ૐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭. ૐ પંચાયતનસન્માનાય નમઃ
૭૮. ૐ નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯. ૐ પ્રગલ્ભાય નમઃ
૮૦. ૐ નિઃસ્પૃહાય નમઃ
૮૧. ૐ સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨. ૐ ભક્તવત્સલાય નમઃ
૮૩. ૐ અરોષણાય નમઃ
૮૪. ૐ દીર્ઘદર્શિને નમઃ
૮૫. ૐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬. ૐ નિરહંકૃતયે નમઃ
૮૭. ૐ અદ્રોહાય નમઃ
૮૮. ૐ ઋજવે નમઃ
૮૯. ૐ સર્વોપકારકાય નમઃ
૯૦. ૐ નિયામકાય નમઃ
૯૧. ૐ ઉપશમસ્થિતયે નમઃ


૯૨. ૐ વિનયવતે નમઃ
૯૩. ૐ ગુરુવે નમઃ
૯૪. ૐ અજાતવૈરિણે નમઃ
૯૫. ૐ નિર્લોભાય નમઃ
૯૬. ૐ મહાપુરુષાય નમઃ
૯૭. ૐ આત્મદાય નમઃ
૯૮. ૐ અખંડિતાર્ષમર્યાદાય નમઃ
૯૯. ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ
૧૦૦. ૐ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ
૧૦૧. ૐ યમદૂતવિમોચકાય નમઃ
૧૦૨. ૐ પૂર્ણકામાય નમઃ
૧૦૩. ૐ સત્યવાદિને નમઃ
૧૦૪. ૐ ગુણગ્રાહિણે નમઃ
૧૦૫. ૐ ગતસ્મયાય નમઃ
૧૦૬. ૐ સદાચારપ્રિયતરાય નમઃ
૧૦૭. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ
૧૦૮. ૐ સર્વમંગલસદ્રુપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ


॥ ઈતિ શ્રી જનમંગલ નામાવલી સમાપ્તા ॥



સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી
વચનામૃત
-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત.



નિષ્કુળાનંદ કાવ્ય
પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત



સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત
ભક્તચિંતામણિ
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત.



અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ
સ્વામીની વાતો
-:: પ્રકાશક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, વડરોડ, સુરત - ૪.


શ્રી હરિચરિત્રામૃત સાગરમાંથી ઉદ્‌ધૃત
અમૃતકુંભ
ભાગ -૧
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત.


ગોપાળાનંદ સ્વામીની વાતો
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત-૪.


॥ લાડીલા શ્રી ઘનશ્યામ મહારાજ ॥
સ્વામિનારાયણ મહામંત્રનો
અપરંપાર મહિમા
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર,
વેડરોડ, સુરત.


કીર્તનચિંતામણિ
-:: પ્રકાશક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, વેડરોડ, સુરત - ૪.


સત્સંગસાગરમાંથી ઉદ્‌ધૃત ભક્તોની
પ્રેરક ગાથા
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર,
વેડરોડ, સુરત.



પ્રેરક :- પ.પૂ. સદ્. શ્રી પ્રભુચરણદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર

સહજાનંદ ચોક (ડભોલી ચાર રસ્તા),
વેડરોડ, સુરત - ૩૯૫૦૦૪

www.swaminarayansurat.com